તા.૧૫/૦૩/૨૦૨૧ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે મળેલ સામાન્ય સભાની કાર્યનોંધ સભામાં હાજર રહેલા સભ્યશ્રીઓ

| અ.નં. | સભ્યશ્રીઓના નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | પટેલ કિન્નરીબેન અમિષભાઈ | પ્રમુખ |
| ૨ | પટેલ છાયાબેન ઉમેશભાઈ | ચેરમેન કારોબારી |
| ૩ | ટંડેલ નિમિષાબેન ગીરીશભાઈ | સભ્ય |
| ૪ | પાનવાલા વર્ષાબેન અમિતકુમાર | સભ્ય |
| ૫ | રાઠોડ રાજેશભાઈ દશરથભાઈ | સભ્ય |
| ૬ | પટેલ ઉજેશકુમાર ઈશ્વરભાઈ | સભ્ય |
| ૭ | પટેલ ઉર્વશીબેન રાજેશભાઈ | સભ્ય |
| ૮ | પટેલ રાજેશભાઈ મંગુભાઈ | સભ્ય |
| ૯ | રાણા હિતેશભાઈ સુરેશભાઈ | સભ્ય |
| ૧૦ | વાડીવાલા મહેન્દ્રભાઈ ભગુભાઈ | સભ્ય |
| ૧૧ | દેસાઇ ગીરીશભાઈ ભગવાનજી | સભ્ય |
| ૧૨ | પટેલ વિજય સહદેવભાઈ | સભ્ય |
| ૧૩ | ચૌહાણ સંજય દશરથરાવ | સભ્ય |
| ૧૪ | પટેલ મનીષા વિજય | સભ્ય |
| ૧૫ | ભાનુશાલી કલ્પના રાજેશભાઈ | સભ્ય |
| ૧૬ | ભાનુશાલી પ્રવિણભાઈ પરસોત્તમભાઈ | સભ્ય |
| ૧૭ | પટેલ ભારતીબેન મનોજભાઈ | સભ્ય |
| ૧૮ | સોલંકી સોનલબેન તેજશભાઈ | સભ્ય |
| ૧૯ | માળી યશેષ જયસુખભાઈ | સભ્ય |
| ૨૦ | પટેલ બાલકૃષ્ણ જીવરાજભાઈ | સભ્ય |
| ૨૧ | શેખ સબીનાબેન સાજિદભાઈ | સભ્ય |
| ૨૨ | શેખ નઝમા અમીર | સભ્ય |
| ૨૩ | પટેલ રમેશભાઈ મંગળદાસ | સભ્ય |
| ૨૪ | દેસાઇ ઉર્મિ આશિષકુમાર | સભ્ય |
| ૨૫ | પટેલ જેસ્ટીકાબેન દર્શનભાઈ | સભ્ય |
| ૨૬ | પટેલ ધર્મેશભાઈ અરવિંદભાઈ | સભ્ય |
| ૨૭ | આહિર પંકજભાઈ ઠાકોરભાઈ | સભ્ય |
| ૨૮ | ઓઝા ડૉ.પુષ્પાબેન રામજોર | સભ્ય |
| ૨૯ | પટેલ ભરતભાઈ છોટુભાઈ | સભ્ય |
| ૩૦ | વશી નિતેશભાઈ મહાદેવભાઈ | સભ્ય |
| ૩૨ | પટેલ સોનલબેન કિશોરભાઈ | સભ્ય |
| ૩૨ | પટેલ ધર્મેશભાઈ અરૂણભાઈ | સભ્ય |
| ૩૩ | પટેલ હેતલકુમારી જયેશભાઈ | સભ્ય |
| ૩૪ | પટેલ પ્રવિણાબેન સુનિલભાઈ | સભ્ય |
| ૩૫ | પઠાણ મહેબુબ ગુલશેરખાન | સભ્ય |
| ૩૬ | મહાકાલ રવિન્દ્રભાઈ રામચંદ્રભાઈ | સભ્ય |

સભાની શરૂઆત વંદેમાતરમ થી કરવામાં આવી...

પ્રમુખશ્રીએ જણાવ્યું કે આજની આ સભામાં ઉપસ્થિત સૌ મારા સાથી સભ્યશ્રીઓ તેમજ ચીફ ઓફિસરશ્રી વસાવા સાહેબ, અધિકારીશ્રી, કર્મચારીશ્રીઓ., પત્રકાર મિત્રો, ઈલેક્ટ્રોનિક મીડીયાના મિત્રો, નગરજનોને સૌને આવકારું છું.

સભ્યશ્રી ગિરીશભાઈ દેસાઈએ જણાવ્યુ કે વલસાડ નગરપાલિકાની આજની સામાન્ય સભામાં સ્વર્ગસ્થશ્રીઓ....

(૧) ઉજેશભાઈ ના પિતાશ્રી ઈશ્વરભાઈ મણીભાઈ પટેલ

(૨) માજી સભ્ય ઈલાબેનના પ્રતિશ્રી પ્રવીણભાઈ મોદી

(૩) સાંસદ સભ્યશ્રી દાદરાનગર હવેલી મોહનભાઈ ડેલકર

તેમજ નામી-અનામી સૌ સ્વર્ગસ્થ તમામની આ તબક્કે નોંધ લઈ તેઓશ્રીની આત્માને શાંતિ મળે તે માટે શ્રંધ્ધાજલી આપી અને સૌએ ૨(બે) મિનિટનું મૌન પાડયું,

- પ્રમુખશ્રીએ જણાવ્યુ કે આ સભા બજેટની ખાસ સભા હોય જે કઈ રજૂઆત હશે તેની ચર્ચા બજેટની ચર્ચા થયા બાદ પાછળથી કરીશું.
- સભામાં સભ્યશ્રી ઉજેશભાઈ પટેલ , મહેબૂબ ગુલશેરખાન પઠાણ , રાજેશભાઈ પટેલ , ઉર્વશીબેન પટેલ , સોનલબેન પટેલ , યશેષભાઈ માળી , નિતેશભાઈ વશી , પ્રવિણભાઈ ભાનુશાલી , સંજયભાઈ ચૌહાણ , ગીરીશભાઇ દેસાઇ તમામ દ્વારા વહીવટી તથા પોતાના વોર્ડ વિસ્તારના શહેરના હિતના પ્રશ્નોની વિગેરે બાબતોની રજૂઆત કરી જેની નોંધ લેવામાં આવી.

કામ નં. – ૦૧

વિષય : તા.૨૮-૦૧-૨૦૨૧ ના રોજ મળેલ સમગ્ર સભાની કાર્યનોંધ વંચાયેલી ગણી મંજુર કરવા બાબત.

દ.મુ. છાયાબેન ઉમેશભાઈ પટેલ

ટે. આ. ઉજેશભાઈ ઈશ્વરભાઈ પટેલ

સભ્યશ્રી ઉજેશભાઈ પટેલ, રાજેશભાઈ પટેલ, મહેબૂબગુલશેરખાન પઠાણ, પ્રવીણભાઈ ભાનુશાલી, નિતેશભાઈ વશી, છાયાબેન પટેલ, સોનલબેન પટેલ વિગેરેએ તેઓશ્રીના પોતાના વોર્ડ વિસ્તારના પ્રશ્નોની વિગતે ચર્ચા કરી અને ચર્ચામાં ભાગ લીધો.

પ્રમુખશ્રીએ જણાવ્યું કે તા.૨૮-૦૧-૨૦૨૧ ના રોજ મળેલ સમગ્ર સભાની કાર્યનોંધ દરેક સભ્યશ્રીઓએ વંચાણે લેવાં આપવામાં આવેલ છે. બાકી રહેલ કામોની પુખ્ત ચર્ચા થયા બાદ સંબધિત ખાતામાંથી વિગતો જરૂરી આધાર-પુરાવાઓ આવ્યા બાદ આગામી એપ્રિલ માસમાં મળનારી બોર્ડમાં લેવાં જણાવ્યું

ઠરાવ :

તા.૨૮-૦૧-૨૦૨૧ ના રોજ મળેલ સમગ્ર સભાની કાર્યનોંધ દરેક સભ્યશ્રીઓને આપવામાં આવેલ છે. જે વંચાયેલ ગણવામાં આવેલ છે. બાકી રહેલ કામોની સંબધિત ખાતામાંથી વિગતો જરૂરી આધાર-પુરાવાઓ આવ્યા બાદ આગામી એપ્રિલ માસમાં મળનારી બોર્ડમાં લેવાનું ઠરાવવામાં આવ્યું.

સ.મ.મંજુર

કામ નં. – ૦૨

વિષય : તા.૦૪-૦૩-૨૦૨૧ની કારોબારી સમિતિમાં ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાનો સને : ૨૦૨૦-૨૦૨૧ નો તા.૦૧-૦૪-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ સુધીનો નવ-માસીક હિસાબ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. છાંયાબેન ઉમેશભાઈ પટેલ
ટે. આ.ઉજેશભાઈ ઈશ્વરભાઈ પટેલ

સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઈએ જણાવ્યું કે , ઉઘડતી સિલક રૂ.૧૫૭૯૩૩૨૮.૪૬ બતાવેલ છે. જેમાં ભૂલ થયેલ હોવાનું જણાવી જેમાં સુધારો કરવા જણાવેલ છે.

ઠરાવ :-

કા.સ.ઠ.નં. ૩૦૭ તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ ચર્ચા-વિચારણાને અંતે જરૂરી સુધારા-વધારા સહિત સને ૨૦૨૦-૨૦૨૧ નો તા.૦૧-૦૪-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ ની ઉઘડતી સિલક રૂ.૧૫૭૯૩૩૨૮.૪૬ ના બદલે રૂ.૧૫૩૩૪૮૫૯૯.૮૪ આવે છે. જે સુધારા-વધારા સાથેનો નવ-માસીક હિસાબ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં. – ૦૩

વિષય : તા.૦૪-૦૩-૨૦૨૧ ની કારોબારી સમિતિમાં ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાનું સને ૨૦૨૦-૨૦૨૧ ના વર્ષનું રિવાઇઝ બજેટ મહેસુલી આવક/ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂ.૫૪૧૮૭૦૧૮૫ તથા મહેસુલી ખર્ચ/ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂ.૫૫૦૨૩૫૦૦૦ રિવાઇઝડ બજેટ મંજુર કરવા અંગેજરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. છાંયાબેન ઉમેશભાઈ પટેલ
ટે. આ.ઉજેશભાઈ ઈશ્વરભાઈ પટેલ

સભ્યશ્રી રાજેશભાઈ પટેલ , રેલ- રાહત માટે બજેટમાં જોગવાઈ કરવા જણાવ્યુ.

ઠરાવ : કા.સ.ઠ.નં. ૩૦૮ તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ ચર્ચા વિચારણા અંતે દર્શાવેલ સુધારા-વધારા તેમજ બોર્ડની મંજુરતની અપેક્ષાએ કરેલ કામો અને થયેલ ખર્ચાઓ સાથેનું વલસાડ નગરપાલિકા – વલસાડનું સને : ૨૦૨૦-૨૦૨૧ ના વર્ષનું બજેટ મહેસુલી આવક/ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂ.૫૪૧૮૭૦૧૮૫ તથા મહેસુલી ખર્ચ/ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂ.૫૫૦૨૩૫૦૦૦ રિવાઇઝડ બજેટ સુધારા-વધારા સહિત મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે

સ.મ.મંજુર.

કામ નં. – ૦૪

વિષય : તા.૦૪-૦૩-૨૦૨૧ ની કારોબારી સમિતિમાં ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા-વલસાડનું સને : ૨૦૨૧-૨૦૨૨ ના વર્ષનું બજેટ મહેસુલી આવક/ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૮૨૨૯૧૯૭૧૫/- તથા મહેસુલી ખર્ચ/ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૮૩૦૯૩૮૯૦૦/- બજેટ મંજુર કરવા અંગેજરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. છાંયાબેન ઉમેશભાઈ પટેલ
ટે. આ.ઉજેશભાઈ ઈશ્વરભાઈ પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં. ૩૦૯ / તા.૦૪-૦૩-૨૦૨૧ની ભલામણ મુજબ ચર્ચા વિચારણાને અંતે દર્શાવેલ સુધારા-વધારા તેમજ બોર્ડની મંજુરતની અપેક્ષાએ કરેલ કામો અને થયેલ ખર્ચાઓ સાથેનું વલસાડ નગરપાલિકા-વલસાડનું સને ૨૦૨૧-૨૦૨૨ ના વર્ષનું બજેટ મહેસુલી આવક/ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૮૨૨૯૧૯૭૧૫/- તથા મહેસુલી ખર્ચ/ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૮૩૦૯૩૮૯૦૦/- બજેટ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૦૫

વિષય : તા.૦૪-૦૩-૨૦૨૧ ની કારોબારી સમિતિમાં ઠરાવ્યા મુજબ વર્ષ ૨૦૧૮-૧૯ તથા વર્ષ ૨૦૧૯-૨૦૨૦ થી એપ્રુવલ બેઈઝ ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ સિસ્ટમ મુજબ વાર્ષિક હિસાબો તૈયાર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. છાંયાબેન ઉમેશભાઈ પટેલ

ટે. આ.ઉજેશભાઈ ઈશ્વરભાઈ પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં. ૩૧૦ / તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા – વલસાડના હિસાબોએક્રુઅલ બેઈઝ ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ સિસ્ટમથી તૈયાર કરવા અંગેનું ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. – મફબ/અકડ/યુ-૯/૨૦૨૦/૨૬૨૦ તા.૩૦-૦૧-૨૦૨૧ ના પત્રમાં જણાવ્યા મુજબ ફાઈનાન્સ બોર્ડ , ગાંધીનગર દ્વારા એમ-પેનલ થયેલ સી.એ. ફાર્મ અથવા પસંદગી કરી કામગીરી પૂર્ણ કરવા જણાવેલ છે. અગાઉના વર્ષમાં (૨૦૧૭-૧૮) માં નગરપાલિકાની કામગીરી શાહ કૈલાશ શાહ એન્ડ એસોસિયેશન-સુરત પાસેથી કરવવામાં આવેલ હતી. અને તેઓ દ્વારા સદરહુ કામગીરી સંતોષકારક નિભાવવામાં આવેલ છે. ટે સદરહુ કામગીરી તેઓ પાસેથી કરાવવા તેમજ સદરહુ કામગીરી કરવા માટે વલસાડ નગરપાલિકા-વલસાડને અન્ય બે બીજા સી.એ. ફાર્મ દ્વારા પણ અરજી કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

(૧) એ.બી. કોઠીયા એન્ડ કંપની, લાલ દરવાજા,સુરત

(૨) અથર્વ પ્લાનીંગ એન્ડ રિસર્ચ સેન્ટર પ્રા.લી. , સી.જી. રોડ,અમદાવાદ

ઉપરોક્ત હકીકત ધ્યાને લઈ એક્રુઅલ બેઈઝ ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ સિસ્ટમ મુજબ વાર્ષિક હિસાબો તૈયાર કરવા બાબત સી.એ. ફર્મ નક્કી કરવા તેમજ આ કામગીરી કરવા અંગે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ,ગાંધીનગર દ્વારા નિયત કરવામાં આવેલ ફી ના દર રૂ ા.૨,૨૦,૫૦૦/- + GST મંજુર કરવામાં આવેલ છે. જે હકીકતોથી વિદિત થતાં સદરહુ કામે ચર્ચા –વિચારણા કરતાં સરકારશ્રીની નીતિ નિયમ મુજબ પેનલમાં આવતા અથવા તે અંગે શરતો બનાવી લોકલ લેવલના સી.એ. ફર્મ પાસે પ્રપોઝલ મંગાવી જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૦૬

વિષય : તા.૦૪-૦૩-૨૦૨૧ ની કારોબારી સમિતિમાં ઠરાવ્યા મુજબ નગરપાલિકાના વર્ગ-૪ ના કર્મચારીઓને સને ૨૦૧૯-૨૦૨૦ ના વર્ષ માટે એડહોક બોનસ ચૂકવવા અંગે જરૂરી નિર્ણય થવાં બાબત.

દ.મુ. છાંયાબેન ઉમેશભાઈ પટેલ

ટે. આ.ઉજેશભાઈ ઈશ્વરભાઈ પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં. ૩૧૧ / તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા – વલસાડના વર્ગ-૪ ના કાયમી કર્મચારીઓ તથા રોજમદાર કર્મચારીઓ કે તા.૩૧-૦૩-૨૦૨૦ ના રોજ નોકરીમાં ચાલુ હોય સને : ૨૦૧૯-૨૦૨૦ ના વર્ષ દરમ્યાન જેમને ઓછામાં ઓછી ૬( છ ) મહિનાની સળંગ નોકરી કરેલ હોય તેવા કાયમી કર્મચારીને રૂા.૩૪૫૪/- તથા ત્રણ વર્ષ કે તેથી વધુ વર્ષ સુધી ઓછામાં ઓછા ૨૪૦ દિવસ કામ કરેલ હોય તેવા છૂટક મજૂરોને રૂા.૧૧૮૪/- નામદાર ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના પત્ર ક્રમાંક નં. બનસ/૧૦૨૦૨૦/જીઓઆઈ/૦૪/ચ. તા.૦૬-૧૧-૨૦૨૦ થી ઠરાવ્યા મુજબ સને ૨૦૧૯-૨૦૨૦ ના વર્ષ માટેનું બોનસ ચુકવવાપાત્ર થાય છે. તેવા સંજોગોમાં ઉપરોકત બોનસ ચુકવવા અંગેની નિયમોનુસાર દરખાસ્ત મે. રિજયોનલ કમિશ્નરશ્રી-સુરતને સાદર રજૂ કરી મંજુરત મેળવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૦૭

વિષય : તા.૦૪-૦૩-૨૦૨૧ ની કારોબારી સમિતિમાં ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા-વલસાડના નિવૃત કર્મચારીશ્રી સુરેશચંદ્ર જેકીશનદાસ રાણા રહે- રાણા સ્ટ્રીટ , વલસાડની તેઓએ કાનમાં સાંભળવાની તકલીફ થવાથી રિપેરિંગ મશીન નંખાવેલ છે. જેનું રીએમ્બર્સમેન્ટ બિલ રૂ.૫૦૦૦૦/-(અંકે રૂપિયા પંચાસ હજાર પુરા ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવાં બાબત.

દ.મુ. છાંયાબેન ઉમેશભાઈ પટેલ
ટે. આ.હિતેશભાઈ રાણા

ઠરાવ :-

કા.સ.ઠ.નં. ૩૧૫ / તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા – વલસાડના નિવૃત કર્મચારીશ્રી સુરેશચંદ્ર જેકીશનદાસ રાણા રહે- રાણા સ્ટ્રીટ , વલસાડની સંદર્ભે હેઠળની અરજીમાં જણાવ્યા મુજબ તેઓને કાનમાં સાંભળવાની તકલીફ થવાથી હિઅરિંગ મશીન ખરીદ કરી નંખાવેલ છે. જેનું બિલ નં. ૨૩ તા.૦૬-૦૮-૨૦૨૦ રિધ્ધિ-સિધ્ધી રિપેરિંગ એન્ડ સ્વિચ થેરાપી કલીનીક-વાપીનું આવેલ છે. નામદાર સરકારશ્રીના પરિવાર અને કલ્યાણ વિભાગના પરિપત્ર નં.-એલ.એ.જી./૧૦/૨૦૦૬/૨૯૧૨/અ(પા.ફા.) તા.૨૪-૦૮-૨૦૧૫ થી ઠરાવ્યા મુજબ નિયમ ૨,૪,૨,૫,૧૪,૧ તથા ૧૪-૨ તથા હોસ્પિટલ અને રાજય સરકારની હોસ્પિટલ સિવાયની એવી બીજી હોસ્પિટલ કે જે અધિકૃત ચિકિત્સકની જરૂરી અને યોગ્ય સારવાર પુરી પાડી શકે તેવા કિસ્સામાં સરકારી હોસ્પિટલમાં અધિકૃત ચિકિત્સકની પૂર્વ મંજૂરી મેળવી સારવાર માટે થયેલ ખર્ચ માટે રાજય સરકાર દ્રારા માન્ય પેકેજ મુજબ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થાય છે. અરજદારશ્રી દ્રારા વલસાડ ખાતે આવેલ સીવીલ હોસ્પિટલમાં પ્રતિ સહી કરી મેડિકલ બિલ રજૂ કરેલ છે. જે ધ્યાને લઈ સદરહુ બિલ રૂ.૫૦ ,૦૦૦/- અંકે પંચાસ હજાર પુરા ચુકવવા અંગેની નિયમોનુસાર દરખાસ્ત મે. રિજયોનલ કમિશ્નરશ્રી-સુરતને સાદર રજૂ કરી મંજૂરત મેળવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૦૮

વિષય : તા.૦૪-૦૩-૨૦૨૧ ની કારોબારી સમિતિમાં ઠરાવ્યા મુજબ ટ્રાફિકને અડચણરૂપ દબાણો દૂર થતાં નગરપાલિકા દફ્તરેથી નામો કમી કરવા અંગે જરૂરી નિર્ણય થવાં બાબત.

દ.મુ. છાંયાબેન ઉમેશભાઈ પટેલ

ટે. આ.ભરતભાઈ છોટુભાઈ પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં. ૩૧૬ / તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા ટેક્ષ કલેકશન વોર્ડ નં.૦૯ ના વિસ્તારમાં આવેલ કલ્યાણ બાગ સામેની કેબીનો /દુકાનો જે ટ્રાફિકને અડચણરૂપ દબાણો હતા. જે દૂર કરવામાં આવેલ છે. સદર દબાણ દૂર થતાં નગરપાલિકાના ટેક્ષ દફ્તરેથી સદર યાદી મુજબના અ.નં. ૦૧ થી ૫૯ મુજબના નામો રેકર્ડ ઉપરથી કામો કરવાના થાય છે. જેની યાદી અ.નં. ૦૧ થી ૫૯ આ સાથે સામેલ છે. તેમજ દૂર કરેલ દબાણ સાથેની યાદી દક્ષિણ ગુજરાત વીજ કંપની વલસાડને રજુ કરવા સંબધે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૦૯

વિષય : તા.૦૪-૦૩-૨૦૨૧ ની કારોબારી સમિતિમાં ઠરાવ્યા મુજબ નવીન નગર સેવા સદન ઉપર તા.૧૩-૧૦-૨૦૨૦ થી તા.૧૭-૧૦-૨૦૨૦ સુધી જરૂરી લાઈટીંગ રોશની કરવાના કામે ઠેકેદારશ્રી રામગીર ડેકોરેટર્સ , વલસાડના વાર્ષિક મંજુર થયેલા ભાવો જરૂરી કામગીરી કરાવેલ જે કરેલ કામગીરીનું આવેલ બિલનું રકમ રૂ.૪૩૭૧૬/- મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવાં બાબત.

દ.મુ. છાંયાબેન ઉમેશભાઈ પટેલ
ટે. આ.ભરતભાઈ છોટુભાઈ પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં. ૩૧૭ / તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તહેવારમાં નવીન નગર સેવા સદન ઉપર તા.૧૩-૧૦-૨૦૨૦ થી તા.૧૭-૧૦-૨૦૨૦ સુધી જરૂરી લાઈટીંગ રોશની કરવાના કામે ઠેકેદારશ્રી રામગીર ડેકોરેટર્સ , વલસાડના વાર્ષિક મંજુર થયેલા ભાવે લાઈટીંગ રોશની કામગીરી કરાવવામાં આવેલ છે. જે કરેલ કામગીરીનું આવેલ બીલની રકમ રૂ. ૪૩,૭૧૬/- (અંકે રૂ. તેતાલીસ હજાર સાત સો સોળ પુરાનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનુ ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૧૦

વિષય : તા.૦૪-૦૩-૨૦૨૧ ની કારોબારી સમિતિમાં ઠરાવ્યા મુજબ નામદાર ગુજરાત હાઈકોર્ટના SCA 11136 / 2015 ના ઓરલ જજમેન્ટ તા.૨૨-૧૦-૨૦૧૮ બાબતે.
(એલસીવી ૨૦૦૧) ૧૯૯૦ ના હુકમ તા.૦૬-૧૨-૨૦૦૩) બાબતનું આવેલ કામે અંગે જરૂરી નિર્ણય થવાં બાબત.

દ.મુ. છાંયાબેન ઉમેશભાઈ પટેલ
ટે. આ.ભારતીબેન મનોજભાઈ પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં. ૩૨૧/ તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ વલસાડ ખાતેના મજૂર અદાલતના પ્રિસાઈડિંગ ઓફિસરશ્રી એમ.એલ.શેખ સાહેબ સમક્ષ ફાઈલ અરજી નંબર ૩૬ /૨૦૦૯ થી દાખલ કરવામાં આવેલ છે. તા.૦૬-૧૨-૨૦૧૪ થી અરજી નામંજુર કરવામાં આવેલ છે. ત્યારબાદ અમદાવાદ સમક્ષ નામદાર ગુજરાત હાઈકોર્ટના SCA 11136 / 2015 થી અત્રે કચેરી દ્રારા સદરહુ હુકમ સામે પીટીશન દાખલ કરવામાં આવેલ જેનો ઓરલ જજમેન્ટ તા.૨૨-૧૦-૨૦૧૮ થી આવેલ છે. સદરહુ બાબતે અત્યારે જરૂરી નિર્ણય અર્થે સરકારશ્રીની સ્થાયી સૂચનાઓ મુજબ ઉપલી કોર્ટમાં અપીલ દાખલ કરવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૧૧

વિષય : તા.૦૪-૦૩-૨૦૨૧ ની કારોબારી સમિતિમાં ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા મિલકતવેરામાં ૧૦% નો વધારો કરવા બાબતનું આવેલ કામ અંગે જરૂરી નિર્ણય થવાં બાબત.

દ.મુ. છાંયાબેન ઉમેશભાઈ પટેલ
ટે. આ.ઉજેશભાઈ ઈશ્વરભાઇ પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં. ૩૨૩/ તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાની મિલકતવેરામાં ૧૦% વધારો કરવા બાબતે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ ,ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. – મફબ / યુ-૨ /૧૫મું નાણાંપંચ /૨૦૨૧ / ૩૫૨૦ તા.૧૬-૦૨-૨૦૨૧ નો પત્ર વંચાણે લીધો તેમાં જણાવ્યા મુજબ કાર્યવાહી હાથ ધરવા ચર્ચા કરવામાં આવી.

સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઇ વિરોધપક્ષના નેતા તરફથી સદર વધારા અંગે વિરોધ રજૂ કર્યો.ચર્ચા-
વિચારણાના અંતે સદર કામ આગામી સામાન્ય સભામાં રજૂ કરી જરૂરી નિર્ણય લેવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૧૨

વિષય : તા.૦૪-૦૩-૨૦૨૧ ની કારોબારી સમિતિમાં ઠરાવ્યા મુજબ નામદાર ગુજરાત હાઇકોર્ટ અમદાવાદ SCA - 11136/2015 ના ઓર્ડર સામે LPA દાખલ કરવા અંગેના એડવોકેટશ્રીની કોર્ટ કેસ અંગેની ફી બાબતનું ચુકવણું કરવા અંગે જરૂરી નિર્ણય થવાં બાબત.

દ.મુ. છાંયાબેન ઉમેશભાઈ પટેલ
ટે. આ.ભારતીબેન મનોજભાઈ પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં. ૩૨૪/ તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ નામદાર ગુજરાત હાઇકોર્ટ અમદાવાદ SCA - 11136/2015 નો ઓરલ ઓર્ડર થયેલ છે. સદર ઓર્ડરની સામે નગરપાલિકા તરફે હાજર રહી LPA દાખલ કરવા સંબધેની કામગીરી એડવોકેટશ્રી યોગી કે ગઢીયા અમદાવાદને સોપવામાં આવેલ હતી. સદરહુ કેસની પ્રોફેશનલ ફી , ઝેરોક્ષ, પોસ્ટેજ અને અન્ય સંલગ્ન કામગીરી વિગેરે માટે કરેલ કાર્યવાહી અંગેનું એડવોકેટશ્રી ફી અંગેનું બીલ નં. વાય. કે. જી. ૭૦/૨૦૨૦-૨૦૨૧ તા.૦૧-૦૨-૨૦૨૧ રકમ રૂ.૮૯ ,૫૦૦/- (અંકે રૂ. નેવ્યાંશી હજાર પાંચ સો પુરાનું બીલ ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૧૩

વિષય : તા.૦૪-૦૩-૨૦૨૧ ની કારોબારી સમિતિમાં ઠરાવ્યા મુજબ નામદાર ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ LPA1056/ 2019 ગુજરાત મજદૂર સભા વિરુધ્ધ વલસાડ નગરપાલિકાના કેસ બાબતના એડવોકેટશ્રી કોર્ટ કેસ અંગેની ફી બાબતનું ચુકવણું કરવા અંગે જરૂરી નિર્ણય થવાં બાબત.

દ.મુ. છાંયાબેન ઉમેશભાઈ પટેલ

ટે. આ.ભારતીબેન મનોજભાઈ પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં. ૩૨૫ તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ નામદાર ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ LPA - 1056/2019 ગુજરાત મજદૂર સભા વિરુધ્ધ વલસાડ નગરપાલિકાના કેસ દાખલ કરવામાં આવેલ છે. સદરહુ કેસ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ચાલી રહેલ છે. સદર કોર્ટ કેસમાં નગરપાલિકા તરફે હાજર રહી , કોર્ટ કેસ સંબધેની કામગીરી એડવોકેટશ્રી યોગી કે ગઢીયા , અમદાવાદને સોપવામાં આવેલ હતી. સદરહુ કેસની પ્રોફેશનલ ફી , ઝેરોક્ષ, પોસ્ટેજ અને અન્ય સંલગ્ન કામગીરી વિગેરે માટે કરેલ કાર્યવાહી અંગેનું એડવોકેટશ્રી ફી અંગેનું બીલ નં. વાય. કે. જી. ૭૧/૨૦૨૦-૨૦૨૧ તા.૦૧-૦૨-૨૦૨૧ રકમ રૂ.૨૯,૫૦૦/- (અંકે રૂ. ઓગણત્રીસ હજાર પાંચ સો પુરાનું બીલ ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૧૪

વિષય : તા.૦૪-૦૩-૨૦૨૧ ની કારોબારી સમિતિમાં ઠરાવ્યા મુજબ નામદાર ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ સીવીલ એપ્લીકેશન નં. ૦૧/ ૨૦૨૦ વલસાડ નગરપાલિકાના કેસ વિરુધ્ધ ગુજરાત મજદૂર સભાના કેસ બાબતના એડવોકેટશ્રી કોર્ટ કેસ અંગેની ફી બાબતનું ચુકવણું કરવા અંગે જરૂરી નિર્ણય થવાં બાબત.

દ.મુ. છાંયાબેન ઉમેશભાઈ પટેલ

ટે. આ.ભારતીબેન મનોજભાઈ પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં. ૩૨૬ તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ નામદાર ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ સીવીલ એપ્લીકેશન નં. ૦૧/ ૨૦૨૦ વલસાડ નગરપાલિકાના કેસ વિરુધ્ધ ગુજરાત મજદૂર સભાના કેસ દાખલ કરવામાં આવેલ છે. સદરહુ કેસ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ચાલી રહેલ છે. સદર કોર્ટ કેસમાં નગરપાલિકા તરફે સીનીયર એડવોકેટશ્રી તરીકે હાજર રહી કોર્ટ કેસ સંબધેની કામગીરી એડવોકેટશ્રી મિતુલ સેલત અમદાવાદને સોપવામાં આવેલ હતી. સદરહુ કેસની પ્રોફેશનલ ફી અને અન્ય સંલગ્ન કામગીરી વિગેરે માટે કરેલ કાર્યવાહી અંગેનું એડવોકેટશ્રીની ફી અંગેનું બીલ નં. ૭૫/ તા.૦૨-૦૨-૨૦૨૧ રકમ રૂ.૫૫ ,૦૦૦/- (અંકે રૂા. પંચાવન હજાર પુરાનું બીલ ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૧૫

વિષય : તા.૦૪-૦૩-૨૦૨૧ ની કારોબારી સમિતિમાં ઠરાવ્યા મુજબ વો.વ.ક.ઠ. નં. – ૧૪૦ / તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વારિગૃહ હેડ વર્કસ ખાતે ફરજ બજાવતા રોજિંદા મંજુર શ્રી રાજુભાઈ બાબુભાઈ નાયકાને નોકરીમાંથી છુટો કરેલ જેને ફરીથી નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા અંગે જરૂરી નિર્ણય કરવા બાબત.

દ.મુ. છાંયાબેન ઉમેશભાઈ પટેલ

ટે. આ.ભરતભાઈ છોટુભાઈ પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં. ૩૩૭ તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ વો.વ.ક.ઠ. નં. – ૧૪૦ / તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વારિગૃહ હેડ વર્કસ ખાતે મોગરાવાડી ,અબ્રામા વિસ્તારને પાણી પહોચાડવા માટેના ૧૮" ડાયાને વાલ્વને રિપેરિંગ કરવા માટે ખોલવામાં આવેલ સદર વાલ્વનું ચક્કર વોચમેનની કેબીનની બાજુમાં આવેલ કેબીનમાં મૂકવામાં આવેલ હતું. સદર ચક્કર તા.૦૩-૧૧-૨૦૧૭ ના રોજ રાત્રે ચોરાઈ ગયેલ બીજા દિવસે સવારે રિપેરિંગ કરવા માટે તપાસ કરતાં સદર ચક્કર ન મળતા હેડ વર્કસની આજુ બાજુ રહેતા ભંગારવાળાને ત્યાં તપાસ કરતાં સદર ચક્કર મળી આવેલ તેમણે પૂછવામાં આવતા તેમના જણાવ્યા મુજબ હેડ વર્કસ ખાતે ફરજ બજાવતાં રોજિંદા કર્મચારી રાજુભાઈ બાબુભાઈ નાયકાએ રાત્રે વેચ્યાનું જણાવેલ જે બાબતે સદર કર્મચારીને પુછવામાં આવતાં તેમણે સદર ચક્કર વેચ્યાનું કાબુલ કરેલ છે. જે અંગે તેમણે માફીપત્ર લખી આપવા જણાવેલ ત્યારબાદ સદર કર્મચારીને નોકરીમાંથી છુટો કરવામાં આવેલ સદર કર્મચારીએ ત્યારબાદ મે. મદદનીશ શ્રમ આયુક્તશ્રીની કચેરીમાં તા.૦૮-૧૨-૨૦૧૮ ના રોજ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા અરજી કરેલ હતી. જે અન્વયે મે.મદદનીશ શ્રમ આયુકતશ્રીની કચેરીના પત્ર ક્રમાંક : મશ્ર.આ./વલ / ૨૭૩ /૨૦૧૯ તા.૨૮-૦૧-૨૦૧૯ થી સદર રોજિંદા કર્મચારીને પુનઃસ્થાપિત કરવામાં આઈ.ડી.આર. કેસ નં. ૦૧/૨૦૧૯ દાખલ કરેલ ત્યારબાદ જુદી-જુદી તારીખો પડેલ હતી. તા.૦૩-૦૫-૨૦૧૯ ના રોજ મુદ્દત દરમ્યાન મે.મદદનીશ શ્રમ આયુકતશ્રીની કોર્ટમાં સદર કેસની ચર્ચા દરમ્યાન યુનિયન નેતા , કર્મચારી , નગરપાલિકા અધિકારીની સંયુકત ચર્ચા દરમ્યાન સમાધાનકારી વલણ દાખવવા જણાવવામાં આવેલ સદર કામ બાબતે વલસાડ નગરપાલિકાની કા.સ.ઠ.નં. ૧૩૦ / તા૨૦-૦૭-૨૦૧૯ થી વિસ્તૃત ચર્ચા કરેલ સદર બાબતે પુખ્ત નિર્ણય ન થતાં સુનાવણીની મુદ્દતો/તારીખો પડતી રહે છે. સદર કર્મચારી તરફથી તા.૨૪-૦૯-૨૦૨૦ થી સ્ટેમ્પ પેપર ઉપર માફીપત્ર તેમજ તેઓ દ્રારા ઔધોગિક અદાલતમાં દાખલ કરેલ કેસ પરત ખેચવા તેમજ તેઓએ નોકરીમાં છુટા કરતાં પડેલ ગેરહાજરી ગણી જે અંગે કોઈપણ પ્રકારની માંગણી ન કરવાની શરતે તેમજ આપેલ માફીપાત્ર મુજબ તથા કોઈ કોર્ટ કાનૂની કાર્યવાહી ન કરે એવી બાંહેધરી રજુ કરેલ છે. જે ધ્યાને લઈ વારિગૃહ હેડ વર્કસ ખાતેના રોજિંદા મજૂર શ્રી રાજુભાઈ બાબુભાઈ નાયકાએ મે.મદદનીશ શ્રમ આયુકતશ્રીની કોર્ટમાં તેમજ ઔધોગિક અદાલતમાં જે કેસો નગરપાલિકા સામે કરેલ છે , સદર કરેલ કેસો પાછા ખેંચી લેવાની શરતે તેમજ નોકરીમાં છુટા કરતાં પડેલ ગેરહાજરી ગણી જે અંગે કોઈપણ પગારની માંગણી ન કરવાની શરતે ફરીથી રોજિંદા મજૂર તરીકે નોકરીમાં પુનઃસ્થાપિત કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૧૬

વિષય : તા.૦૪-૦૩-૨૦૨૧ ની કારોબારી સમિતિમાં ઠરાવ્યા મુજબ વો.વ.ક.ઠ. નં. – ૧૪૩ / તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વારિગૃહ હેડ વર્કસ ખાતે વોસાઉટ લાઇનનું ચેમ્બર તૂટી જતાં તાત્કાલિક બનાવેલ જે કરેલ કામગીરીને બહાલી આપી સદર કામગીરીનો ખર્ચ રૂા.૬૬૩૭૫/- મંજૂર કરવા બાબત.

દ.મુ. છાંયાબેન ઉમેશભાઈ પટેલ
ટે. આ.ઉર્મિબેન આશિષકુમાર દેસાઇ

ઠરાવ :-

કા.સ.ઠ.નં. ૩૪૦ તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ વો.વ.ક.ઠ. નં. – ૧૪૩ / તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વારિગૃહ હેડ વર્કસ ખાતે આવેલ ફિલ્ટર બેલ્ટને ધોવા માટેનું પાણી તેમજ વરસાદી પાણીના નિકાલ માટે નાખવામાં આવેલ વોસાઉટ લાઇનનું ચેમ્બર તૂટી જતાં સદર ચેમ્બર નવું તાત્કાલિક બનાવવાની જરૂરિયાત ઊભી થતાં સદર કામગીરી શાંતિલાલ બારૈયાને સોપવામાં આવેલ તેમના તરફથી સદર ચેમ્બર બનાવવામાં આવેલ છે. સદર કામગીરી તાત્કાલિક કરવાની હોવાથી વર્ક ઓર્ડર અપાયેલ નથી. જેથી થયેલ કામગીરીને બહાલી રાખી સદર કામગીરી અંગેનો ખર્ચ રૂા.૬૬૭૩૫/- ( અંકે છાંસઠ હજાર ત્રણ સો પંચોત્તેર પુરા ) નો મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૧૭

વિષય : તા.૦૪-૦૩-૨૦૨૧ ની કારોબારી સમિતિમાં ઠરાવ્યા મુજબ વો.વ.ક.ઠ. નં. – ૧૪૪ / તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વારિગૃહ હેડ વર્કસ ખાતેથી આવતી ૧૮” ડાયાની જૂની લાઇન ઉપર વારંવાર લીકેજ થાય છે. તે જગ્યાએ ચેમ્બર બાનવવા અંગે જરૂરી નિર્ણય કરવા બાબત.

દ.મુ. છાંયાબેન ઉમેશભાઈ પટેલ

ટે. આ.ઉર્મિબેન આશિષકુમાર દેસાઇ

ઠરાવ :-

કા.સ.ઠ.નં. ૩૪૧ તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ વો.વ.ક.ઠ. નં. – ૧૪૪ / તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વારિગૃહ હેડ વર્કસ ખાતે આવેલ જૂના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની ૧૮” ડાયાની એસ.એસ. મેઈન રાઈઝીંગ પાઈપ લાઇન અબ્રામા પોલીસ હેડ કવાર્ટસ તુલસીવન આગળના રસ્તા પરથી પસાર થાય છે. સદર રસ્તા પર આવેલ મેઈન લાઇનના જોઈન્ટ ઉપર બનાવેલ ચેમ્બરો ત્રણ જગ્યા ઉપર તૂટી ગયેલ છે. સદર રસ્તા ઉપર વાહનોની તેમજ માણસોની અવર-જવર થતી રહેતી હોય છે. જેથી તૂટી ગયેલ ચેમ્બરોને રિપેરિંગ કરવાની જરૂર હોય રિપેરિંગ કરી નવા ચેમ્બરો બનાવવા માટે જાણકાર કોન્ટ્રાકટર શાંતિલાલ બારૈયા પાસે કા.સ.ઠ. ૧૬૬ / તા.૧૫-૧૦-૨૦૧૪ થી સને ૨૦૧૪-૧૫ ના વર્ષ માટે મંજૂર થયેલ ભાવે નવા ચેમ્બર બનાવવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૧૮

વિષય : તા.૦૪-૦૩-૨૦૨૧ ની કારોબારી સમિતિમાં ઠરાવ્યા મુજબ વો.વ.ક.ઠ. નં. – ૧૪૫ / તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વોર્ડ નં. -૬ ના રામવાડી વિસ્તારમાં રામવાડી-૧ અને ૩ ગલી થી જીવન ધારા પાછળની ગલી અને ગણેશ હૉલથી કસ્તુરબા હોસ્પિટલ સુધી પીવાના પાણીની પાઈપ લાઇન નાખવાના અંદાજો રૂા.૪ ,૦૪,૪૦૦/- મંજૂર કરવા અંગે જરૂરી નિર્ણય કરવા બાબત.

દ.મુ. છાંયાબેન ઉમેશભાઈ પટેલ
ટે. આ.ઉર્મિબેન આશિષકુમાર દેસાઇ

ઠરાવ :-

કા.સ.ઠ.નં. ૩૪૨ તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ વો.વ.ક.ઠ. નં. – ૧૪૫ / તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ મુજબ વોર્ડ નં. -૬ ના રામવાડી વિસ્તારમાં રામવાડી-૧ અને ૩ ગલી થી જીવન ધારા પાછળની ગલી અને ગણેશ હૉલથી કસ્તુરબા હોસ્પિટલ સુધીના વિસ્તાર માટે પીવાના પાણીની પાઈપ લાઈન નાખવાની જરૂરિયાતને ધ્યાને લઈ સદરહુ બાબતના સરકારશ્રીના જી.એસ.ડબલ્યુ. એસ.એસ.બી. ના સને ૨૦૧૯-૨૦ ના મંજૂર થયેલ એસ.ઓ.આર. મુજબ બનાવવામાં આવેલ અંદાજો મુજબ રૂા.૪ ,૦૪,૪૦૦/- પુરાના અંદાજો મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૧૯

વિષય : તા.૦૪-૦૩-૨૦૨૧ ની કારોબારી સમિતિમાં ઠરાવ્યા મુજબ વો.વ.ક.ઠ. નં. – ૧૪૮ / તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ અમૃત યોજના હેઠળ વોટર વર્કસ વિભાગમાં આધુનિક સ્કાડા ટેકનોલોજીનો ઉપયોગ કરવા કલ્યાણ બાગ ખાતે કંટ્રોલ રૂમ બનાવવા જરૂરી નિર્ણય કરવા બાબત.

દ.મુ. છાંયાબેન ઉમેશભાઈ પટેલ
ટે. આ.ભરતભાઈ છોટુભાઈ પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં. ૩૪૫ તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ વો.વ.ક.ઠ. નં. – ૧૪૮ / તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ નામદાર સરકારશ્રીની અમૃત યોજના હેઠળ સદરહુ કામગીરી અંગેની કામગીરી ક્રિષ્ના કન્સ્ટ્રકશનને ટેકનોલોજી અંગેની કામગીરી સોપવામાં આવેલ છે પરંતુ સદરહુ ટેકનોલોજીને ઈન્સ્ટોલ કરી ઓપરેટ કરવા સંબધે કંટ્રોલરૂમ બનાવવાની જરૂરિયાતને ધ્યાને લઈ અત્રે કલ્યાણબાગ ખાતે ટાંકી નજીકની જગ્યામાં એક નવો કંટ્રોલરૂમ બાનવવા તથા સદરહુ ટેકનોલોજીને અનુરૂપ એવા બીજા પ્રકારના સિવિલ વર્કની જરૂરિયાતોને ધ્યાને લઈ સરકારશ્રી દ્રારા રચવામાં આવેલ પેનલના સભ્ય એવા ક્રિષ્ના કન્સલ્ટન્ટ , આણંદની નિમાણંક કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૨૦

વિષય : તા.૦૪-૦૩-૨૦૨૧ કા.સ.ઠ.માં ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સાંઇ રીવર કો.ઑ.હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. સ્વામિનારાયણ ગુરુકુલ સ્કૂલ પાછળ વિગેરે અબ્રામાના જુદી જુદી સોસાયટીના રસ્તાઓ નગરપાલિકાને સુપ્રત કરવા અંગેના આવેલ કામે કરવા જરૂરી નિર્ણય કરવા બાબત.

દ.મુ. છાંયાબેન ઉમેશભાઈ પટેલ
ટે. આ.ભરતભાઈ છોટુભાઈ પટેલ

ઠરાવ :-

કા.સ.ઠ.નં. ૩૪૬ તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ નીચે મુજબની કુલ-૧૪ ખાનગી સોસાયટીઓના મુખ્ય / આંતરિક રસ્તાઓને નગરપાલિકાને સુપ્રત કરવા માટે જરૂરી નિયમોનુસારની કાર્યવાહી કરવા અર્થે જરૂરી સોસાયટીના માલિકો દ્વારા દિન – ૩૦ માં વાંધાસૂચનો મંગાવવા માટે દૈનિક પેપરોમાં તા.૨૦-૦૧-૨૦૨૧ ના રોજ જાહેર નોટીશ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. અને સદરહુ જાહેર નોટીશ પ્રસિધ્ધની મુદ્દત પૂર્ણ થયેલ છે. અને સદરહુ મુદ્દત દરમ્યાન તા.૨૮-૦૧-૨૦૨૧ ના રોજ ગોકુલધામ કો.ઑ.હા. સો.લી. ધરમપુર રોડ , વલસાડની અરજીમાં જણાવ્યા મુજબ ગોકુલધામ કો.ઑ.હા. સો. લી. નો મુખ્ય રોડ જ નગરપાલિકાને સુપ્રત કરવામાં આવેલ છે. સદરહુ સોસાયટીની આંતરિક ગલીઓ તેમજ કોમન પ્લોટ નગરપાલિકાને સુપ્રત કરવામાં આવેલ નથી. તેમજ અન્ય કોઈ ખાનગી સોસાયટીના માલિકોના વાંધા અરજી આવેલ નથી.

જેથી ઉપરોક્ત હકીકતોને ધ્યાને લેતાં , ગોકુલધામ કો.ઑ.હા.સો.લી. નો ફક્ત મુખ્ય રોડ તેમજ અન્ય નીચે જણાવેલ ૧૩(તેર) ખાનગી સોસાયટીઓના મુખ્ય તેમજ આંતરિક રોડ નગરપાલિકામાં સુપ્રત કરવા માટે તેમજ લેન્ડ રેવન્યુમાં જે તે વિસ્તારમાં રસ્તાઓ થયા તે નગરપાલિકાના રેકર્ડ પર ચઢાવવા તથા સદરહુ રસ્તાઓને સાર્વજનિક રસ્તા તરીકે જાહેર કરવા માટે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

| | |
|---|---|
| ૧ | પ્રમુખ શિવાલય, ધરમપુર રોડ, અબ્રામા, સર્વે નં. ૯૦/એ/૨ પૈકી-૧ તથા ૯૭ / ૩,૧૩૫,૧૩૭/૧ |
| ૨ | ઠાકોરભાઈ પાર્ક સોસાયટી, ધરમપુર રોડ, અબ્રામા |
| ૩ | કેતનપાર્ક સોસાયટી, ધરમપુર રોડ, અબ્રામા |
| ૪ | લક્ષ્મીનગર, મોગરાવાડી, જૂનો બ્લોક નં. ૧૯૮/પૈકી-૧, નવો બ્લોક નં. – ૨૮૫૩ |
| ૫ | અક્ષરધામ રેસીડન્સી, મોગરાવાડી, સર્વે નં. – ૧૯૯/૧,૧૯૯/૨ તથા ૨૦૦/૧,૨૦૨/૨ |
| ૬ | સોનાનગર, ધરમપુર રોડ,અબ્રામા, સર્વે નં.૧૧૫/૩ |
| ૭ | તડકેશ્વર કો.ઑ.હા.સો., અબ્રામા સ.નં. ૧૦૦ પૈકી |
| ૮ | પ્રજ્ઞના કો.હા.સો.લી. તિથલ રોડ |
| ૯ | મણિબાગ-૧,૨,૩ સોસાયટી, ધરમપુર રોડ, અબ્રામા |
| ૧૦ | પંચવટી સોસાયટી,બીનાનગર નજીક, ધરમપુર રોડ |
| ૧૧ | ધારાનગર સોસાયટી, ધરમપુર રોડ, અબ્રામા, સી.સ.નં. – ૧૫૩-અ |
| ૧૨ | સાંઇ રીવર કો.ઑ.હા.સો., અબ્રામા |
| ૧૩ | પુનિત પ્લોટ સોસાયટી, ધરમપુર રોડ, અબ્રામા |
| ૧૪ | ગોકુલધામ કો.ઑ.હા.સો.લી. ધરમપુર રોડ,વલસાડ( ફક્ત મુખ્ય રસ્તાઓ) |

સ.મ.મંજુર.

કામ નં-૨૧

વિષય : વોર્ડ નં-૧૧ માં આવેલ સુધાનગર ,અબ્રામા, ગરીબનવાઝ ગલીમાં ડામર રસ્તાનું કામનું આવેલ એસ્ટીમેઇટ રૂા.૪,૧૬,૯૦૦/- મંજુર કરવા બાબત.

દ.મુ.છાયાબેન પટેલ
ટે.આ.ભરતભાઈ છોટુભાઈ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૪૭/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વોર્ડ નં-૧૧ માં આવેલ સુધાનગર ,અબ્રામા, ગરીબનવાઝ ગલીમાં હાલે એક ગલીમાં ડામર રસ્તાનું કામ બાકી છે. સદરહુ ગલીમાં ડામર રસ્તાનું કામ કરાવવાની જરૂરીયાત હોય , સદરહુ ડામર રસ્તો બનાવવા અંગેના આવેલ કામનું એસ્ટીમેઇટ રૂા.૪,૧૬,૯૦૦/- પુરા મંજુર કરી આગળની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૨૨

વિષય : તા.૨૫-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ સમાજ કલ્યાણ સમિતિની મીટીંગમાં ઠરાવ્યા મુજબ તાલુકા પંચાયત / જિલ્લા પંચાયત ICDS ડીપાર્ટમેન્ટ સાથે સંકલન કરી વલસાડ નગરપાલિકાની તમામ જર્જરિત આંગણવાડીઓ સમારકામ તેમજ નવી બનાવવાની થતી હોય , તેવા સંજોગોમાં યોગ્ય ચર્ચા વિચારણા કરી આંગણવાડી બનાવવાની નવી જગ્યાઓ નગરપાલિકા તરફથી ફાળવણી કરવા બાબત.

દ.મુ.છાયાબેન પટેલ
ટે.આ.ભરતભાઈ છોટુભાઈ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૪૯/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તથા સમાજ કલ્યાણ સમિતિ ઠરાવ નં-૨/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ , ICDS ડીપાર્ટમેન્ટ દ્વારા વિવિધ આંગણવાડીઓની યાદી આપવામાં આવેલ છે. આવા સમયે નાના બાળકો કોઈ વ્યક્તિના ઘરે કે ઝાડ નીચે બેસીને કામકાજ કરી ભણતા હોય એવા સંજોગોમાં નગરપાલિકાના સ્થાનિક સભ્યોને સંકલનમાં રાખી નગરપાલિકાની યોગ્ય જગ્યા મળે જયાં તાલુકા પંચાયત દ્વારા તમામ પ્રકારનો ખર્ચ પુરો પાડવામાં આવે છે. અને આ કારણે આપણી નગરપાલિકા પણ એક સારૂ અને સુઘડ ભણતર આપનાર આંગણવાડીઓ માટે પ્રેરણારૂપ રહે તેવા હેતુથી સ્થાનિક આંગણવાડી બહેનો સાથે સંકલન કરી, જર્જરિત આંગણવાડી સમારકામ તેમજ નવી આંગણવાડી બનાવવા યોગ્ય ગ્રાન્ટ મેળવી આંગણવાડી નવનિર્માણ કરવામાં આવે આમ દરેક વોર્ડમાં જયાં જરૂરી છે તેવા સ્થળોએ આંગણવાડીનું સમારકામ અથવા બાંધકામ કરવા અંગેના આવેલ કામે, પ.વ.ડી.શાખાના અધિકારીશ્રી દ્વારા સ્થળ નિરીક્ષણ ,પંચ રોજ કામ કરી તેમજ હિસાબી શાખા દ્વારા જરૂરી ગ્રાન્ટ મેળવવા અંગેની દરખાસ્ત કરાવવા જરૂરી આગળની કાર્યવાહી કરાવવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૨૩

વિષય : તા.૨૫-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ સમાજ કલ્યાણ સમિતિની મીટીંગમાં ઠરાવ્યા મુજબ "માં-કાર્ડ" એ એક એવી યોજના છે જે જરૂરીયાતમંદો સુધી પહોચાડવા માટે નગરપાલિકા દ્વારા યોગ્ય સુવિધા ઉભી કરવા બાબત.

દ.મુ.છાયાબેન પટેલ

ટે.આ.રવિન્દ્ર રામચંદ્ર મહાકાલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૫૦/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તથા સમાજ કલ્યાણ સમિતિ ઠરાવ નં-૩/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ , "માં-કાર્ડ" એ એક એવી યોજના છે જે જરૂરીયાતમંદો સુધી પહોચાડવા માટે આજના મોંઘવારીના યુગમાં "માં-કાર્ડ" હોવો ખુબજ જરૂરી છે. છતાં ૨૦% લોકોજ "માં-કાર્ડ" બનાવી શકેલ છે. જિલ્લા પંચાયત સમિતિના અધિકારીઓ સાથે ચર્ચા કર્યા બાદ એમના દ્વારા વોર્ડ વાઈઝ કેમ્પ કરવાનું સુચવેલ છે. તો એ પણ કામ યોગ્ય રીતે થાય તેના માટે સમાજ કલ્યાણ સમિતિ દ્વારા ન.પા. ચીફ ઓફિસરશ્રી સાથે સંકલન કરી યોગ્ય કાર્યવાહી કરવાની ચર્ચા કરેલ. કે જેથી પ્રજાને પડતી મુશ્કેલીઓનો અંત આવી શકે અને સરકારશ્રીની કલ્યાણકારી યોજનાનો લાભ વધારે ને વધારે પ્રજા સુધી પહોચી શકે. જે હકીકતોને ધ્યાને લઈ , ચર્ચા વિચારણાના અંતે સદરહુ કામે જે તે સબંધિત વિભાગની મંજુરી લઈને આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૨૪

વિષય : તા.૨૫-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ સમાજ કલ્યાણ સમિતિની મીટીંગમાં ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા દ્વારા BPL ના નામોનું સરકારશ્રી સાથે મળી સંકલન કરી યોગ્ય યોજનાઓનો લાભ પ્રજાને મળે તે બાબતે ચર્ચા કરી એકવાર ફરી રીસર્વે કરી આ BPL નંબર બનાવવા બાબત જેથી વિધવા પેન્શન, અપંગ સહાય,વિગેરે સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા અંગેના કામ બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. રવિન્દ્ર રામચંદ્ર મહાકાલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૫૧/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તથા સમાજ કલ્યાણ સમિતિ ઠરાવ નં-૪/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા દ્વારા BPL ના નામોનું સરકારશ્રી સાથે મળી સંકલન કરી તેની કામગીરી માટે સરકારી ધોરણે ફરી એકવાર રીસર્વે કરી જરૂરીયાતમંદોને યોજનાઓનો લાભ પહોચે એવી વ્યવસ્થા ઉભી થાય અને યોગ્ય યોજનાઓનો લાભ પ્રજાને મળે આમ, જરૂરીયાતમંદોને BPL નંબર બનાવવાથી વિધવા પેન્શન , અપંગ સહાય , વિગેરે જુદી-જુદી નામદાર સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓનો લાભ પણ અરજદારો મેળવી શકે તેવા શુભ આશયથી સદરહુ ઉપરોક્ત કામે સરકારશ્રીમાં જરૂરી ભલામણ કરી શહેરી વિસ્તારમાં રીસર્વે કરવા અંગે જરૂરી દરખાસ્ત રજૂ કરવા સંબધે આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે

સ.મ.મંજુર.

જ.બો.ઠ.નં. – ૯૫૦/તા.૧૫-૦૩-૨૦૨૧.

કામ નં-૨૫

વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ સેનેટરી કમિટીમાં ઠરાવ્યા મુજબ ઘન કચરાના નિકાલની ડંમ્પીંગ સાઈટે સાઈટ ડેવલપમેન્ટ માટે ગ્રાઉન્ડ લેવલ થી ૧૬ મીટર જેટલી ઉંચાઇ તથા ૧૫૦ મીટર લંબાઇની રબલ સ્ટોનની દિવાલ બનાવવાનનું મંજૂર કરવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ.ઉજેશભાઈ આઈ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૫૨/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તથા સે.ક.ઠ.નં-૧૩૮/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાની ઘન કચરા નિકાલની ડમ્પીંગ સાઈટ પારડી સાંઢપોર ગ્રામ પંચાયતની હદમાં નગરપાલિકાની માલિકીના આવેલ STP પ્લાન્ટની બાજુની ખુલ્લી જમીનમાં ઔરંગા નદીના કિનારે આવેલ છે. આ જગ્યા ઉપર નગરપાલિકા છેલ્લા ૨૩ વર્ષથી શહેર માથી નીકળતા ઘનકચરાનો નિકાલ કરતી આવેલ છે. આ ડમ્પ સાઇટની વીઝીટ ચેરમેનશ્રી આરોગ્ય શાખા દ્વારા કરતાં આ ડમ્પ સાઈટ ઉપર જુના લેગેસી વેસ્ટના નિકાલની કામગીરી ચાલુ હોય તે જોતાં ૦૨(બે) માસ ની આજુ-બાજુના સમયગાળામાં આવી ડમ્પ સાઈટ ઔરંગા નદીના કિનારે તથા માનવવસ્તીથી દૂર કોઈને પણ કનગડત થઈ શકે તેવી નથી. ચોમાસા દરમ્યાન કે નદીમાં પુર આવે ત્યારે કચરાના નિકાલની ખુબજ મુશ્કેલી પડે છે. જો આ ડમ્પ સાઈટે ઉપર ૧૬ મીટર જેટલી ઉચી અને ૧૫૦ મીટર જેટલી રબલ સ્ટોનની દિવાલ બનાવવામાં આવે તો ચોમાસા દરમ્યાન વરસાદી , પાણી કે પુર ના પાણી થી ઘનકચરા નિકાલ માટે જે મુશ્કેલી પડે છે તે પડશે નહીં બીજું આ જગ્યા પર નગરપાલિકા તેનો જુનો કમ્પોસ્ટ પ્લાન્ટ શીફ્ટ કરવાની હોય તેમજ મોટું એમ.આર.એફ.સેન્ટર પણ અહી બની શકે તેમ હોય, તે બાબતો ધ્યાને લઈ ઘન કચરા નિકાલની ડમ્પીંગ સાઈટ ડેવલપમેન્ટ માટે ગ્રાઉન્ડ લેવલ થી ૧૬ મીટર ઉચી અને ૧૫૦ મીટર લાંબી જેટલી દિવાલ સ્વચ્છતા મિશન અંતર્ગતની ગ્રાન્ટ માંથી બનાવવા અંગેની આગળની જરૂરી કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

જ.બો.ઠ.નં. – ૯૫૧/તા.૧૫-૦૩-૨૦૨૧.

કામ નં-૨૬

વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ સેનેટરી કમિટીમાં ઠરાવ્યા મુજબ ઘન કચરામાંથી ખાતર બનાવવાનો જુનો કંમ્પોસ્ટ પ્લાન્ટ અન્ય જગ્યાએ શીફ્ટ કરવાનું નક્કી કરેલ છે. તેની સાથે આ પ્લાન્ટ સોલર પાવર સીસ્ટમથી ચાલે તે માટે સોલર પાવર સીસ્ટમ લગાવવાનું મંજૂર કરવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. ઉજેશભાઈ આઈ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૫૩/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ નગરપાલિકાનો ઘનકચરા માથી ખાતર બનાવવાનો કમ્પોસ્ટ પ્લાન્ટ પારડી સાંઢપોર ગ્રામ પંચાયતની હદમાં વલસાડ નગરપાલિકાની માલિકીના આવેલ STP પ્લાન્ટની બાજુમાં આવેલ છે. આ પ્લાન્ટ ચલાવવા માટે નગરપાલિકાને ૧૫ કિ.વોટ રોજની વીજળીની જરૂર પડે છે. જેને લઈને નગરપાલિકાને લાઈટ બીલોનો વધુ ખર્ચ સહન કરવો પડે છે. બીજુ આ પ્લાન્ટવાળી જગ્યામાં નગરપાલિકા દ્વારા નામદાર સરકારશ્રીની રીન્યુઝ વોટર પોલીસી હેઠળનો પ્રોજેકટ બનાવવાની હોય , આ પ્લાન્ટ આ જગ્યાએથી બીજી જગ્યાએ શીફ્ટ કરવાનું નક્કી કરી દેવામાં આવેલ છે. આ પ્લાન્ટ અહીથી શીફ્ટ થાય તો તેની સાથે આ પ્લાન્ટ જે જગ્યાએ શીફ્ટ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. તે કામગીરીની સાથે-સાથે આ પ્લાન્ટને સોલર ઉર્જા સંચાલિત બનાવવા અંગે જરૂરી કાર્યવાહી કરવાનું તથા હાલે આરોગ્ય શાખા દ્વારા તેની હાલની ડમ્પીંગ સાઈટ ઉપર જમા થયેલ જૂના લેગેસી વેસ્ટનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાની કામગીરી શરૂ કરેલ છે. અને તેનો ખર્ચ સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ ૧૫મું નાણાપંચની યોજના હેઠળ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૨૭

વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ સેનેટરી કમિટીમાં ઠરાવ્યા મુજબ સ્વચ્છ ભારત મિશન કાર્યક્રમ અંતર્ગત ઘન કચરાનો નાગરીકો તેમના ઘર માથી સેગ્રીગેશન કરીને આપે તે માટે નાગરીકોને લીલા અને વાદળી કલરના ડસ્ટબીનો આપવાનું મંજુર કરવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. ઉજેશભાઈ આઈ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૫૪/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તથા સે.ક.ઠ.નં-૩/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ નામદાર સરકારશ્રી દ્વારા આયોજીત સ્વચ્છ ભારત મિશન અર્બનની ગાઈડ લાઈન મુજબ નગરપાલિકા હદ વિસ્તારમાં રહેતા તમામ રહેણાંક અને કોમર્શીયલ મિલકત ધારકોને સુકો અને ભીનો કચરો અલગ રાખવા માટે લીલા અને વાદળી કલરવાળા ડસ્ટબીનો નામદાર સરકારશ્રી સ્વચ્છ ભારત મિશન કાર્યક્રમ સને -૨૦૧૪ થી ચલાવી રહેલ છે. આ કાર્યક્રમ હેઠળ નગરપાલિકાએ ઘણા કોમ્પોનેન્ટો ઉપર કામગીરી કરવાની છે. તે પૈકીનો એક કોમ્પોનેન્ટ નાગરીકોના ઘરેથી લીલો અને સુકો કચરો અલગ કરાવી તેનો ગાઈડલાઈન મુજબ નિકાલ કરવાનો છે. ડોર ટુ ડોર ઘનકચરાને ઉઘરાવી નિકાલ કરવા માટે નગરપાલિકા સને -૨૦૧૮ માં નાગરીકો પાસેથી યુઝર ચાર્જિસ વસુલ કરતી આવેલ છે. નગરપાલિકા નાગરીકો પાસેથી યુઝર ચાર્જિસ તો વસુલ કરે છે. પરંતુ મિલકત ધારકોને લીલો અને સુકો કચરો અલગ કરવા માટે લીલા અને ભુરા કલરના ડસ્ટબીનો આપેલ નથી. તેને કારણે નાગરીકોને કચરાનું સેગ્રીગેશન કરવાની ખુબજ મુશ્કેલી પડી રહી છે. અને સરકારશ્રીના આ કોમ્પોનેન્ટને પુર્ણ કરવામાં મુશ્કેલી પડે છે. નાગરીકોને ડસ્ટબીન ખરીદીને આપવા માટે અગાઉ ટેન્ડરો પણ મંગાવવામાં આવેલ હતા. તેમ છતાં ડસ્ટબીનોની ખરીદી થયેલ નથી.

નામદાર સરકારશ્રીની સ્વચ્છ ભારત મિશન કાર્યક્રમ હેઠળની ગ્રાન્ટ માથી નાગરીકોને તેમના રહેણાંકવાળા મકાનો તથા વેપારીઓને તેમના ધંધાના સ્થળેથી નીકળતા કચરાનું સેગ્રીગેશન કરી અલગ કરે તે માટે તેઓના નાના લીલા અને ભુરા કલરના ડસ્ટબીનો આપવા જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

જ.બો.ઠ.નં. – ૯૫૩/તા.૧૫-૦૩-૨૦૨૧.

કામ નં-૨૮

વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ સેનેટરી કમિટીમાં ઠરાવ્યા મુજબ નગરપાલિકાના સ્લમ વિસ્તારમાં આવેલ જુના શૌચાલયો તોડી પાડી દુર કરી તેમની જગ્યાએ તથા અબ્રામા ઝોન ઓફિસ અને વારિગૃહ હેડવર્કસ ખાતે નવા શૌચાલયો બનાવવાનું મંજુર કરવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. ઉજેશભાઈ આઈ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૫૫/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તથા સે.ક.ઠ.નં-૧૪૭/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ નગરપાલિકાના વોર્ડ નં-૦૧ ,૦૨,૦૬,૦૭,૦૮ અને ૦૯ ના જુદા-જુદા વિસ્તારોમાં કુલ-૧૨૦ જાહેર શૌચાલયો આવેલ છે. આ શૌચાલયો વર્ષો જુના અને જર્જરિત હાલતવાળા થઈ ગયેલ છે. તેને લઈને આ વોર્ડના સ્લમ વિસ્તારમાં રહેતા નાગરીકોને શૌચક્રિયા કરવાની ખુબજ મુશ્કેલી પડે છે. આ વોર્ડમાં આવેલ સ્લમ વિસ્તારમાં રહેતા નાગરીકોને શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરાવવાની ખુબજ જરૂરી છે. જો તેઓને શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરવામાં ન આવે તો ઓપન ડીફેકશન થવાની સંભાવના છે. જે બાબત સ્વચ્છ ભારત મિશનની ગાઈડ લાઈન વિરૂધ્ધની બની શકે તેમ હોય તે બાબત ધ્યાને લઈ આ જૂના શૌચાલયો તોડી પાડી દુર કરી તેની જગ્યાએ નવા ૧૨૦ જાહેર શૌચાલયો બનાવવાનું અને આ કામ ૧૪મું નાણાપંચની ગ્રાન્ટમાં ખર્ચ પાડી કરાવવાનું તેમજ નામદાર સરકારશ્રીની યોજના મુજબ ચાર ઘર દીઠ એક શૌચાલય તૈયાર કરી તેઓને સુપ્રત કરવાનું મંજુર કરવા તથા અબ્રામા ઝોન ઓફિસમાં તથા નગરપાલિકાના વારિગૃહ હેડવર્કસ ખાતે પણ શૌચાલયની સુવિધા આપવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૨૯

વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ સેનેટરી કમિટીમાં ઠરાવ્યા મુજબ કાયમી ઝાડુવાળા સફાઈ કામદાર સ્વ.શ્રી ગુરીયાભાઈ બુધીયાભાઈ કુંકણાનું તા.૨૪-૧૨-૨૦૨૦ ના રોજ ચાલુ ફરજ દરમ્યાન અવસાન થયેલ હોય , નામદાર સરકારશ્રીની રહેમરાહે નોકરીમાં નિમણુક આપવાની યોજના હેઠળ તેમના વારસદાર પુત્રશ્રી અનિલ ગુરીયાભાઈ કુંકણાને સફાઈ કામદાર તરીકે નિમણૂક આપવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. ઉજેશભાઈ આઈ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૫૬/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તથા સે.ક.ઠ.નં- /તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખામાં ઝાડુવાળા કામદાર તરીકે સ્વ.ગુરીયાભાઈ બુધીયાભાઈ કુંકણા તા.૦૧-૦૨-૧૯૯૭ થી ફરજ બજાવતા હતા. તેમનું તા.૨૪-૧૨-૨૦૨૦ ના રોજ ચાલુ ફરજ દરમ્યાન અવસાન થતાં તેમના વારસદાર પુત્રશ્રી અનિલ ગુરીયાભાઈ પટેલ (કુંકણા) એ સરકારશ્રીની રહેમરાહે નોકરી પર રાખવાની યોજના હેઠળ તેમને પણ નિમણૂંક આપવાની અરજી તા.૨૨-૦૧-૨૦૨૧ના રોજ કરેલ હતી.

નામદાર ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ , ગાંધીનગરના પત્રઠરાવ ક્રમાંક નં-નપમ/૧૨૨૦૧૭/સી.ફા.૨૮/આર/તા.૧૮-૧૦-૨૦૧૭ના ઠરાવથી નગરપાલિકાઓમા સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા સફાઈ કામદારનું ચાલુ નોકરી દરમ્યાન અવસાન થાય તો તેમના વારસદારને રહેમરાહે નિમણૂક આપવાની યોજના અમલમાં મુકેલ છે. અને આ યોજનાનો લાભ સદરહુ ઠરાવની જોગવાઈ મુજબ અરજદારશ્રી અનિલ ગુરીયાભાઈ પટેલ (કુંકણા) ને મળવાપાત્ર થતો હોય તે બાબત ધ્યાને લઈ અરજદારશ્રી અનિલ ગુરીયાભાઈ પટેલ (કુંકણા) ને તેમના પિતાશ્રી અને કાયમી સફાઈ કામદાર સ્વ.ગુરીયાભાઈ બુધીયાભાઈ કુંકણાની જગ્યાએ સફાઈ કામદાર તરીકે ફીક્સ પગારમાં સરકારશ્રીના નીતિ નિયમો મુજબ રહેમરાહે નિમણૂક આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૩૦
વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ સેનેટરી કમિટીમાં ઠરાવ્યા મુજબ નગરપાલિકાના જુદા-જુદા વિસ્તારોમાં ગટરો બનાવવાનું મંજુર કરવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ
ટે.આ. ઉજેશભાઈ આઈ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૫૭/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તથા સે.ક.ઠ.નં-૧૫૧/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ નગરપાલિકાના નીચે જણાવેલ વોર્ડ વિસ્તારમાં ઘર વપરાશી અને ગંદા પાણીના નિકાલની ગટરો બનાવવાની ખુબજ જરૂર હોય , ગંદા પાણીના નિકાલની ગટરો ન હોવાથી નાગરીકોને ઘર વપરાશી ગંદા પાણીના નિકાલ માટે ખુબજ મુશ્કેલી પડતી હોય તે બાબત ધ્યાને લઈ બંધ નાળા અને ચેમ્બરવાળી નવી ગટરો પ.વ.ડી.શાખા મારફતે બનાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | વોર્ડ નં. | વિસ્તાર |
|---|---|---|
| ૧ | ૧ | દેરાફળિયા વૈજનાથ મહાદેવ મંદિરની બાજુમાં |
| ૨ | ૧ | દોંડીયા ટેકરા વિસ્તારમાં કલ્પેશભાઈના ઘરથી સુધાબેનના ઘર પાસેથી પીપળાના ઝાડ સુધી |
| ૩ | ૧ | માછીવાડ માજી.સભ્ય બહાદુરભાઈના ઘર પાસેથી કેરોસીન ડેપો સુધી |
| ૪ | ૧ | ઓનેસ્ટ ઓટો ગેરેજની સામે આવેલ નવી ચાલની પાછળ નવી ગટર બનાવવા |
| ૫ | ૧ | ઉમર ફળિયા નાનુભાઈ માસ્તરના ઘરની પાછળની ચાલની ગટર |
| ૬ | ૭ | ધોબીતળાવ વિસ્તારમાં આવેલ કુમાર ભંગારવાળાના ઘર થી પ્રવિણભાઈ પવારના ઘર સુધી |
| ૭ | ૧૦ | અબ્રામા, ઝરણાપાર્ક પાછળના ભાગમાં ગટર બનાવવાનું કામ. |

સ.મ.મંજુર.

જ.બો.ઠ.નં. – ૯૫૬/તા.૧૫-૦૩-૨૦૨૧.

કામ નં-૩૧
વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ સેનેટરી કમિટીમાં ઠરાવ્યા મુજબ નગરપાલિકાના આરોગ્ય શાખાના ગેરેજને તોડીને નવું બનાવવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ
ટે.આ. ઉજેશભાઈ આઈ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૫૮/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તથા સે.ક.ઠ.નં-૧૫૦/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ નગરપાલિકાના આરોગ્ય શાખાના વાહનોને મુકવા માટે તથા તે વાહનો બગડે તેનું રીપેરીંગ કામ કરાવવા માટેનું ગેરેજ રામરોટી ચોક પાસે ન્યુ સુપર માર્કેટની પાછળ આવેલ છે. આ ગેરેજ વર્ષો જૂનું હોય, ચોમાસા દરમ્યાન તેમાં પાણી પડતું હોય તેમજ વપરાશી પાણી પણ ભરાઈ જતું હોય તેને કારણે રીપેરીંગ કરનાર સ્ટાફને કામગીરી કરવામાં મુશ્કેલી પડતી હોય તેમજ આ ગેરેજમાં સ્ટોરરૂમ પણ આવેલ હોય , ચોમાસા દરમ્યાન જંતુનાશક દવા પાવડર પાણી પડવાને કારણે બગડી જતાં હોય તે ન થાય તેમજ મેન્ટેનન્સ સ્ટાફને પણ કામગીરી કરવામાં મુશ્કેલી ન પડે તે માટે નવું ગેરેજ પ.વ.ડી.શાખા મારફતે બનાવવા અંગેની આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૩૨

વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ સેનેટરી કમિટીમાં ઠરાવ્યા મુજબ અરજદારશ્રી સુનિલકુમાર નટવરલાલ ઢીમ્મર રહેમરાહે નોકરીમાં લેવા બાબતે આવેલ અરજી અંગે યોગ્ય નિર્ણય થવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. ઉજેશભાઈ આઈ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૫૯/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તથા સે.ક.ઠ.નં-૧૪૯/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ નગરપાલિકાના આરોગ્ય શાખામાં અગાઉ સેનેટરી સબ ઈન્સ્પેકટર તરીકે કાયમી ધોરણે ફરજ બજાવતા શ્રી નટવરલાલ આઈ.ઢીમ્મરનું ચાલુ ફરજે તા.૦૬-૦૧-૨૦૦૯ ના રોજ અવસાન થયેલ હતું. તેમના વારસદાર પુત્રશ્રી સુનિલકુમાર એન.ઢીમ્મરે તા.૨૩-૦૨-૨૦૨૧ ના રોજ અરજી આપી ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટી વિભાગના ઠરાવ ક્રમાંક : ભરત/૧૦૨૦૦૪/૧૦૦૩-ક/તા.૦૯-૦૨-૨૦૦૫ થી કરવામાં આવેલ જોગવાઈ મુજબ રહેમરાહે નોકરીમાં નિમણૂક આપવાની રજૂઆત કરવામાં આવેલ હતી.

માન.ચેરમેનશ્રી , આરોગ્ય શાખા દ્વારા જણાવેલ છે કે , અરજદારશ્રીના પિતાનું તા.૦૬-૦૧-૨૦૦૯ ના રોજ ચાલુ ફરજે અવસાન થતાં તેમની જગ્યાએ રહેમરાહે નિમણૂંક મેળવવા અરજદાર પુત્રશ્રી સુનિલકુમાર ઢીમ્મરે તા.૦૫-૦૨-૨૦૦૯ ના રોજ પણ અરજી કરેલ હતી. તેમ છતાં અરજદારશ્રીને સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૯-૦૨-૨૦૦૫ ના ઠરાવ મુજબ રહેમરાહે નિમણૂંક મળવાપાત્ર હોવા છતાં નિમણૂક મળેલ નથી તો આ બાબતે યોગ્ય વિચારણા કરી તેમની નિમણૂંક આપવા માટેની મંજૂરી માંગતી દરખાસ્ત કરવાનું ઠરાવવામાં આવે છે

સ.મ.મંજુર.

કામ નં-૩૩

વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ સેનેટરી કમિટીમાં ઠરાવ્યા મુજબ આરોગ્ય શાખા માટે દવા છંટકાવના સ્પ્રે પંપો તથા ફોગીંગ મશીનો ખરીદવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. ઉજેશભાઈ આઈ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૬૦/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તથા સે.ક.ઠ.નં-૧૪૪/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાનો કુલ વિસ્તાર ૧૪ કિ.મી. જેટલો છે. અને તેની વસ્તી અંદાજે ૧.૭૨ લાખ જેટલી છે. આરોગ્ય શાખાએ નાગરીકો સફાઈ સેવા , ઘનકચરા નિકાલની સેવા , ગટરો,વિગેરેની સફાઈ સેવા,વિગેરે આપવાની સાથે તેમના આરોગ્યની તકેદારી રાખવાની પણ છે. નગરપાલિકા કુલ-૦૩(ત્રણ) ઝોન (૧) વલસાડ, (૨) અબ્રામા ઝોન અને (૩) મોગરાવાડી ઝોન આવેલ છે. સફાઈ , દવા છંટકાવ કે આરોગ્યને લગતી કામગીરી આ ત્રણેય ઝોનોમાં થાય છે.

નગરપાલિકા વિસ્તારમાં મચ્છરોનો ત્રાસ ન વધે , તેને લઈને રોગચાળો ન વધે તે માટે ત્રણેય ઝોનમાં દવા છંટકાવ કે ફોગીંગ કામગીરી માટે પૂરતા સાધનો હોવા જરૂરી છે કે જેથી દવા છંટકાવ અને ફોગીંગની કામગીરી સારી રીતે થઈ શકે. આ માટે દવા છંટકાવ કરવા માટેના પંપો નંગ-૨૪ , નાના ફોગીંગ મશીનો નંગ-૦૬ તથા મોટા ફોગીંગ મશીનો નંગ-૦૨ ખરીદવા માટે મનોરંજનકરની ગ્રાન્ટ માથી ખરીદ કરવા માટે આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૩૪

વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ સેનેટરી કમિટીમાં ઠરાવ્યા મુજબ નગરપાલિકા વિસ્તારમાં મૃત પામતા રખડતાં અને બીનવારસી પશુઓના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. ઉજેશભાઈ આઈ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૬૧/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તથા સે.ક.ઠ.નં-૧૪૨/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ નગરપાલિકા વિસ્તારમાં મૃત પામતા રખડતાં અને બીનવારસી પશુઓના નિકાલ માટે આરોગ્ય શાખા દ્વારા તેની ઘનકચરાની ડમ્પીંગ સાઇટ ઉપર જે.સી.બી. દ્વારા ખાડો કરી તેની અંદર દાંટીને નિકાલ કરવામાં આવે છે. મૃત પશુ/જાનવરો ઢોરો વિગેરે પણ કુદરતે બનાવેલ એક જીવ જ છે અને તે મૃત પામે તો તેનો નિકાલ પણ યોગ્ય રીતે થાય તેવી વ્યવસ્થા ઉભી કરવી જરૂરી છે. અમદાવાદની કોઈ કંપની મૃત પામનાર આવા ઢોર / પશુ જાનવરોનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ થાય તે માટે ઈલેક્ટ્રીક ભઠ્ઠી બનાવે છે. જો તે કંપની આવી ઈલેક્ટ્રીક ભઠ્ઠી બનાવતી હોય તો તેનો સંપર્ક કરી તેમની પાસેથી આ ઈલેક્ટ્રીક ભઠ્ઠી મેળવવા નિયમ મુજબની કાર્યવાહી કરવાનું તથા આ સુવિધા નગરપાલિકાની ઘનકચરાની ડમ્પીંગ સાઇટ ઉપર ઉભી કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

જ.બો.ઠ.નં. – ૯૬૦/તા.૧૫-૦૩-૨૦૨૧.

કામ નં-૩૫

વિષય : તળાવ તથા ગાર્ડન કમીટી (મંત્રણા સમિતિ) ઠરાવ નં-૧/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ કલ્યાણ બાગ ખાનગી એજન્સીને આપવા બાબતની ચર્ચા અને શરતો નિયમોની વિચારણા કરી જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. ધર્મેશભાઈ અરૂણભાઈ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૬૨/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તથા તળાવ તથા ગાર્ડન કમીટી (મંત્રણા સમિતિ) ઠરાવ નં-૧/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા સંચાલિત કલ્યાણ બાગ જે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ડેવલપમેન્ટ કરી શહેરીજનોને મનોરંજન તેમજ હરવા ફરવા માટેના શુભ આશય થી કલ્યાણબાગ ડેવલપમેન્ટ નું કામ પુર્ણ કરવામાં આવેલ છે. કલ્યાણબાગ જે શહેરની મધ્યમાં આવેલ છે. જેથી વધુમાં વધુ લોકો કલ્યાણબાગનો મનોરંજન હેતુથી શાંતિ મેળવી શકે તથા નગરપાલિકા હદ વિસ્તારને લાગુ આજુ-બાજુના ગામોને પણ કલ્યાણ બાગ હરવા-ફરવાનું જાહેર સ્થળ બની રહે છે. તથા કલ્યાણબાગમાં સુશોભિત પ્લાન્ટેશન બાળકો માટે રમત-ગમતના સાધનો, કસરતના સાધનો, વૃધ્ધો માટે આરામ દાયક બાકડા તથા દુકાનોમાં ફુડઝોન સેન્ટર તેમજ વલસાડની આગવી ઓળખ એવો જયોતિમિનાર ને નિહાળવા આજુ-બાજુના ગામોના લોકો તેમજ શહેરીજનો આવે છે.

ઉપરોક્ત કલ્યાણ બાગમાં સેવાનો હેતુ સચવાય રહે તેવા શુભ આશયથી કલ્યાણ બાગ એક આગવી ઓળખ બની રહે તે માટે તેની સલામતી અને જાળવણી જરૂરી બને છે. જેથી સદર કલ્યાણબાગની જાળવણી માટે ખાનગી એજન્સીને જરૂરી નિયમોનુસારની પ્રક્રિયા કરી આપવામાં આવે તો નગરપાલિકાને આર્થિક નાણાકીય લાભ મળી રહે એમ છે. અને સદર કલ્યાણબાગનું ખાનગીકરણ થવાથી તેના સુશોભનમાં જરૂરી વધારો કરી જરૂરી એવા નીતિનિયમોનું પાલન થઈ શકે એમ છે. જે માટે નગરપાલિકા દ્વારા શરતોને આધીન કરાર થી આપવા માટે જરૂરી નીતીરીતી અને નિયમો બનાવી જેમાં ફુવારા ઉપર શોર્ટ ટાઈમ ફિલ્મ , ફુડઝોન માટે દુકાનો , એન્ટ્રી ફી નક્કી કરવી , મિનારામાં જવા માટે ફી નક્કી કરવી , ટાઈમ નક્કી કરવો , વોચમેન રાખવા , વિગેરે નિયમો વ્યવસ્થિત બનાવી સદર કલ્યાણબાગ ખાનગી એજન્સીને આપવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૩૬
વિષય : તળાવ તથા ગાર્ડન કમીટી (મંત્રણા સમિતિ) ઠરાવ નં-૩/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ રાખોડીયા તળાવને બ્યુટીફીકેશન માટે સરકારશ્રીમાં પ્રોજેક્ટ ડીટેઇલ રીપોર્ટ (ડીપીઆર) તૈયાર કરી દરખાસ્ત કરવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ
ટે.આ. ધર્મેશભાઈ અરૂણભાઈ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૬૩/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તેમજ તળાવ તથા ગાર્ડન કમીટી (મંત્રણા સમિતિ) ઠરાવ નં-૩/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ વોર્ડ નં-૧ માં આવેલ રાખોડીયા તળાવના બ્યુટીફીકેશન માટે જરૂરી (ડીપીઆર) બનાવવા અંગેની તમામ કાર્યવાહી પુર્ણ કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

વધુમાં , સભ્યશ્રી નિતેશભાઈ એમ.વશીએ જણાવ્યુ કે , વલસાડ નગરપાલિકા હદમાં આવેલ ઔરંગા નદીનું પીચીંગ એટલે કે , હનુમાન ભાગડા ગામ તરફ જતાં આવતા ઔરંગા નદીનો ફાટો જે પીચીંગ તરીકે ઓળખાય છે. તેમાં આખા વર્ષ દરમ્યાન વરસાદી પાણી અને ભરતીના પાણીથી ભરેલુ રહે છે અને આગળ સરકારશ્રી દ્વારા ચેક ડેમ પણ બનાવવામાં આવેલા છે. જેને લઈ બોટીંગ અને પ્રવાસન સ્થળ તરીકે વિકાસ થઈ શકે તેમ હોય , સરકારશ્રી દ્વારા નિયુક્ત એજન્સી પાસે ડીપીઆર બનાવવા અંગેની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૩૭

વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ ફાયર એન્ડ લાઈટ કમીટીમાં ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાના અબ્રામા ઝોનના લાઈટ શાખાના રીપોર્ટમાં જણાવ્યા મુજબ માલ-સામાન ફાળવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. ધર્મેશભાઈ અરવિંદ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૬૬/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તેમજ ફાયર એન્ડ લાઈટ કમિટી ઠરાવ નં-૦૪/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાના અબ્રામા ઝોન વિસ્તારમાં વિવિધ વૉલ્ટની ઈ.એસ.એલ.કંપનીની સ્ટ્રીટ લાઈટો ફીટ કરવામાં આવેલ છે. જેની જાળવણી અને નિભાવણી માટે નીચે જણાવ્યા મુજબના જરૂરી માલ-સામાનની અવાર-નવાર જરૂરીયાત રહેતી હોય , જેની જરૂરી ખરીદી કરવા અંગે આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | જરૂરી સામાનની વિગત | જરૂરીયાત જથ્થો |
|---|---|---|
| ૧ | સર્વિસ કેબલ | ૨૫ બંડલ |
| ૨ | સ્ટ્રીટ લાઈટ ફીટ કરવા ગડર પોલ ઉપરના ક્લેમ્પ | ૫૦ જોડી |
| ૩ | સ્ટ્રીટ લાઈટ ફીટ કરવા સિમેન્ટ પોલ ઉપરના ક્લેમ્પ | ૭૫ જોડી |
| ૪ | આઈ.સી.ટી.પી.થ્રી ફેઝ સ્વીચ ૬૩ એમ્પીયરની | ૧૨ નંગ |
| ૫ | બે ફુટના પાઈપ ફીક્ચર્સ માટે | ૬૦ જોડી |
| ૬ | નટ બોલ્ટ ક્લેમ્પના હોલ મુજબ એક પોલ ઉપર છ નંગ લેખે | ૭૫૦ નંગ |
| ૭ | પોલ ઉપર કામ કરવા માટે વાયરમેનને જરૂરી હથિયારની વિગત તાપરીયા કંપનીના | |
| | ૧) પક્કડ | ૫ નંગ |
| | ૨) ટેસ્ટર ફુલ સાઈઝ | ૫ નંગ |
| | ૩) ડીસમીસ (સ્ટાર અને સાદુ) | ૫ નંગ |
| | ૪) ૧૨×૧૩ અને ૧૪×૧૫ નું પાનું નટ બોલ્ટ ફીટ કરવા | ૫ નંગ |
| | ૫) વાયર છોલવાની કટર | ૫ નંગ |
| ૮ | હેન્ડ ગ્લોઝ ચોમાસામાં વરસાદની સીઝન મો રબરના | ૧૦ જોડી |
| ૯ | ટેપરોલ | ૩ બોક્ષ |

સ.મ.મંજુર.

કામ નં-૩૮
વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ ફાયર એન્ડ લાઈટ કમીટીમાં ઠરાવ્યા મુજબ બંદર રોડ ઉપર ૧૮.૦૦ મીટર રોડ વાઈડનીંગ કરતાં નવા સાઈડમાં પોલ ઉભા કરવા બાબતેનું આવેલ કામ અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ
ટે.આ. ધર્મેશભાઈ અરવિંદ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૬૭/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તેમજ ફાયર એન્ડ લાઈટ કમિટી ઠરાવ નં-૦૫/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વોર્ડ નં-૨ માં આવેલ બંદર રોડ વિસ્તારમાં ટ્રાફિકને લગતી ઘણી સમસ્યા ઉપસ્થિત થયેલ છે. જેથી સદરહુ બંદર રોડ ઉપર આવેલ સ્ટ્રીટ લાઈટના જે પોલ ટ્રાફિકને નડતરરૂપ છે તે સ્ટ્રીટ લાઈટના પોલ સાઈડમાં ખસેડવા અંગેના આવેલ કામે જરૂરી કાર્યવાહી કરવાનું તેમજ જે સીટીના મેઈન રસ્તાઓ છે , તે સ્માર્ટ લાઈટોથી અપડેટ કરવા તેમજ તિથલ રોડ સિવાય બીજા વિસ્તારો માટે અલગથી સ્માર્ટ લાઈટ ખરીદવા અલગથી ટેન્ડરીંગ કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૩૯

વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ ફાયર એન્ડ લાઈટ કમીટીમાં ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ધરમપુર રોડ આર.પી.એફ. ગ્રાઉન્ડ થી માનસી પેટ્રોલ પંપ સુધી વિગેરે વિસ્તારના ઉભા કરવામાં આવેલ પોલના સ્થાને નવા પોલ ઉભા કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. ધર્મેશભાઈ અરવિંદ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૬૮/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તેમજ ફાયર એન્ડ લાઈટ કમિટી ઠરાવ નં-૦૬/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વલસાડ તથા અબ્રામા ઝોન રોડ ડીવાઈડર વચ્ચે તુટી પડેલ પોલની સ્થળ યાદીમાં જણાવ્યા મુજબના પોલ જુના અને જર્જરિત હોય બદલવાપાત્ર હોય જે પોલ તુટી ગયેલ છે. જેને નવા નાખવાની જરૂરીયાત હોય સદરહુ સ્ટ્રીટ લાઈટ પોલ બાબતના રીપોર્ટમાં નીચે જણાવ્યા મુજબના વિસ્તારમાં જર્જરિત પોલ તુટી પડે તેવા હોય , નવા પોલ ઉભા કરવાની જરૂરી કામગીરી અંગેના એસ્ટીમેઈટ બનાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | વિસ્તાર | પોલની સંખ્યા | રીમાર્ક્સ |
|---|---|---|---|
| ૧ | આર.પી.એફ. મેદાનથી કલ્યાણબાગ થઈ દશેરા ટેકરી માનસી પેટ્રોલ પંપ સુધી | ૮૨ | જુના જર્જરિત હોય, બદલવા પાત્ર |
| ૨ | ગૌરવ પથ ઉપર આઝાદ ચોક થી હાલર રોડ સર્કિટ હાઉસ થઈ હાલર તળાવ સુધી | ૩૮ | જુના જર્જરિત હોય, બદલવા પાત્ર |
| ૩ | સોનાનગર પાસે | ૧ | પોલ તુટી ગયેલ છે |
| ૪ | મણિબાગ પાસે મોબાઈલ ટાવર નજીક | ૧ | પોલ તુટી ગયેલ છે |
| ૫ | અમરદીપ આઈ હોસ્પિટલ પાસે | ૧ | પોલ તુટી ગયેલ છે |
| ૬ | આજુગીયા થી ધારાનગર ડીવાઈડર વચ્ચે | ૨ | પોલ તુટી ગયેલ છે |
| ૭ | ધારાનગર થી જલારામ ફર્નિચર શો રૂમ સુધીમાં | ૨ | પોલ તુટી ગયેલ છે |
| | કુલ પોલની સંખ્યા | ૧૨૭ | |

સ.મ.મંજુર.

કામ નં-૪૦

વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ ફાયર એન્ડ લાઈટ કમીટીમાં ઠરાવ્યા મુજબ ફાયર શાખા માટે ઉપયોગમાં લેવામાં આવતી જુદી-જુદી સાધન સામગ્રીની ખરીદી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. ધર્મેશભાઈ અરવિંદ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૬૯/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તેમજ ફાયર એન્ડ લાઈટ કમિટી ઠરાવ નં-૦૭/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાના ફાયર શાખા માટે ફાયર શાખાના રજુ કરેલ રીપોર્ટમાં જણાવ્યા મુજબની સાધન-સામગ્રીની યાદીમાં જણાવ્યા પ્રમાણે માલ-સામાનની જરૂરીયાત હોય , જેની ખરીદી કરવા અંગેની નિયમોનુસાર જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૪૧

વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ ફાયર એન્ડ લાઈટ કમીટીમાં ઠરાવ્યા મુજબ ફાયર એન્ડ લાઈટ શાખા માટે એક નવું કંમ્પલીટ કોમ્પ્યુટર સેટ, ઓલ ઈન વન પ્રિન્ટર સહિત ખરીદી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. ધર્મેશભાઈ અરવિંદ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૭૦/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તેમજ ફાયર એન્ડ લાઈટ કમિટી ઠરાવ નં-૦૮/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ ફાયર એન્ડ લાઈટ શાખામાં જુદી-જુદી કોમ્પ્યુટરને લગતી કામગીરીઓ કરવા માટે એક નવું કંમ્પલીટ કોમ્પ્યુટર સેટ , ઓલ ઈન વન પ્રિન્ટર સહિત ખરીદી કરવાની જરૂરીયાત હોય, નગરપાલિકા અબ્રામા ઝોન ઓફિસ માટે કોમ્પ્યુટર ખરીદવા અંગેના ભાવો મંજુર કરવામાં આવેલ. તે મંજુર થયેલ ભાવોએ અથવા સ્થાનિક બજાર માથી ફાયર એન્ડ લાઈટ શાખા માટે એક નવું કંમ્પલીટ કોમ્પ્યુટર સેટ , ઓલ ઈન વન પ્રિન્ટર સહિત ખરીદ કરવા અંગેની જરૂરી નિયમોનુસારની આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૪૨
વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ ફાયર એન્ડ લાઇટ કમીટીમાં ઠરાવ્યા મુજબ લાઇટ શાખા માટે ઈલેક્ટ્રીક એન્જીનીયર લેવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ
ટે.આ. ધર્મેશભાઈ અરવિંદ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૭૧/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તેમજ ફાયર એન્ડ લાઇટ કમિટી ઠરાવ નં-૦૯/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં નગરપાલિકા તરફથી સ્ટ્રીટ લાઇટની સુવિધાઓ વલસાડ શહેર તથા મોગરાવાડી-અબ્રામા ઝોન વિસ્તારમાં આપવામાં આવે છે. જેના સ્ટ્રીટ લાઇટના ફોલ્ટ વારંવાર થતાં રહેતા હોય છે. નગરપાલિકામાં હાલે લાઇટ શાખા માટે કોઈપણ એન્જીનીયર ન હોય જે હકીકતોથી વિદિત થતાં લાઇટ શાખા માટે એક ઈલેક્ટ્રીક એન્જીનીયર લેવા અંગેની દરખાસ્ત સરકારશ્રીમાં મંજૂરત માટે મોકલવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૪૩

વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ ડ્રેનેજ કમિટીમાં ઠરાવ્યા મુજબ નાના તાઈવાડ ગુજરાતી સ્કૂલ પાછળ , આર.સી.સી. ડ્રેનેજ લાઇન નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૨,૨૬,૫૮૬/- મંજૂર કરવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ
ટે.આ. રમેશભાઈ મંગળદાસ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૭૪/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તેમજ ડ્રેનેજ કમિટી ઠરાવ નં-૬/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વોર્ડ નં-૬ માં આવેલ નાના તાઈવાડ ગુજરાતી સ્કૂલ પાછળ ૨૨૫ એમ.એમ.ડાયાની મીટરની આર.સી.સી. ડ્રેનેજ લાઇન નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૨ ,૨૬,૫૮૬/- પુરા મંજૂર કરી સને : ૨૦૨૦-૨૧ વાર્ષિક મંજૂર થયેલા ભાવે નામદાર સરકારશ્રીની આવનારી ગ્રાન્ટ માથી સદરહુ કામગીરી કરાવવા અંગેની નિયમોનુસારની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૪૪

વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ ડ્રેનેજ કમિટીમાં ઠરાવ્યા મુજબ હરીકૃપા એપાર્ટમેન્ટ પાછળ નાની મહેતવાડમાં આર.સી.સી. ડ્રેનેજ લાઇન નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૯૩,૧૦૬.૪૦/- પુરા મંજૂર કરવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. રમેશભાઈ મંગળદાસ પટેલ

ઠરાવ :-   કા.સ.ઠ.નં-૩૭૫/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તેમજ ડ્રેનેજ કમિટી ઠરાવ નં-૭/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વોર્ડ નં-૬ માં આવેલ હરીકૃપા એપાર્ટમેન્ટ પાછળ નાની મહેતવાડ ખાતે ૨૨૫ એમ.એમ.ડાયાની આર.સી.સી. ડ્રેનેજ લાઇન નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૯૩ ,૧૦૬.૪૦/- પુરા મંજૂર કરી સને : ૨૦૨૦-૨૧ વાર્ષિક મંજૂર થયેલા ભાવે નામદાર સરકારશ્રીની આવનારી ગ્રાન્ટ માથી સદરહુ કામગીરી કરાવવા અંગેની નિયમોનુસારની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૪૫

વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ ડ્રેનેજ કમિટીમાં ઠરાવ્યા મુજબ વોરા મસ્જિદ પાછળ ફુલ ગલી મોટા બજારમાં આર.સી.સી. ડ્રેનેજ લાઇન નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂ.૧,૦૪,૦૨૬/- પુરા મંજૂર કરવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. રમેશભાઈ મંગળદાસ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૭૬/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તેમજ ડ્રેનેજ કમિટી ઠરાવ નં-૮/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વોર્ડ નં-૬ માં આવેલ વોરા મસ્જિદ પાછળ ફુલ ગલી મોટાબજાર ખાતે ૨૨૫ એમ.એમ.ડાયાની આર.સી.સી. ડ્રેનેજ લાઇન નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂ.૧ ,૦૪,૦૨૬/- પુરા મંજૂર કરી સને : ૨૦૨૦-૨૧ વાર્ષિક મંજૂર થયેલા ભાવે નામદાર સરકારશ્રીની આવનારી ગ્રાન્ટ માથી સદરહુ કામગીરી કરાવવા અંગેની નિયમોનુસારની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૪૬
વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ ડ્રેનેજ કમિટીમાં ઠરાવ્યા મુજબ હનુમાન શેરી ચંપા ગલીમાં આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૦૫,૪૩૦/- પુરા મંજૂર કરવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ
ટે.આ. રમેશભાઈ મંગળદાસ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૭૭/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તેમજ ડ્રેનેજ કમિટી ઠરાવ નં-૯/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વોર્ડ નં-૬ માં હનુમાન શેરી ચંપા ગલી ખાતે ૨૨૫ એમ.એમ.ડાયાની આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧ ,૦૫,૪૩૦/- પુરા મંજૂર કરી સને : ૨૦૨૦-૨૧ વાર્ષિક મંજૂર થયેલા ભાવે નામદાર સરકારશ્રીની આવનારી ગ્રાન્ટ માથી સદરહુ કામગીરી કરાવવા અંગેની નિયમોનુસારની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૪૭

વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ ડ્રેનેજ કમિટીમાં ઠરાવ્યા મુજબ મોટી મહેતવાડ ઉત્તમ ડેકોરેટર્સની સામે ૨૨૫ એમ.એમ.ડાયાની આર.સી.સી. ડ્રેનેજ લાઇન નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧ ,૨૩,૬૩૯/- પુરા મંજૂર કરવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. રમેશભાઈ મંગળદાસ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૭૮/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તેમજ ડ્રેનેજ કમિટી ઠરાવ નં-૧૦/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વોર્ડ નં-૬ મોટી મહેતવાડ ઉત્તમ ડેકોરેટર્સની સામે ૨૨૫ એમ.એમ.ડાયાની આર.સી.સી. ડ્રેનેજ લાઇન નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧ ,૨૩,૬૩૯/- પુરા મંજૂર કરી સને : ૨૦૨૦-૨૧ વાર્ષિક મંજૂર થયેલા ભાવે નામદાર સરકારશ્રીની આવનારી ગ્રાન્ટ માથી સદરહુ કામગીરી કરાવવા અંગેની નિયમોનુસારની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૪૮
વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ ડ્રેનેજ કમિટીમાં ઠરાવ્યા મુજબ રાજ ધનલક્ષ્મી એપાર્ટમેન્ટ હનુમાન શેરી આર.સી.સી. ડ્રેનેજ લાઇન નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૬૦,૧૭૫/- પુરા મંજૂર કરવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ
ટે.આ. રમેશભાઈ મંગળદાસ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૭૯/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તેમજ ડ્રેનેજ કમિટી ઠરાવ નં-૧૧/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વોર્ડ નં-૬ રાજ ધનલક્ષ્મી એપાર્ટમેન્ટ , હનુમાન શેરી વિસ્તારમાં ૨૨૫ એમ.એમ.ડાયાની આર.સી.સી. ડ્રેનેજ લાઇન નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૬૦ ,૧૭૫/- પુરા મંજૂર કરી સને : ૨૦૨૦-૨૧ વાર્ષિક મંજૂર થયેલા ભાવે નામદાર સરકારશ્રીની આવનારી ગ્રાન્ટ માથી સદરહુ કામગીરી કરાવવા અંગેની નિયમોનુસારની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૪૯

વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ ડ્રેનેજ કમિટીમાં ઠરાવ્યા મુજબ મૈત્રી સદન રામવાડીમાં આર.સી.સી. ડ્રેનેજ લાઇન નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૮૭,૧૬૯.૩૮/- પુરા મંજૂર કરવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. રમેશભાઈ મંગળદાસ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૮૦/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તેમજ ડ્રેનેજ કમિટી ઠરાવ નં-૧૨/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વોર્ડ નં-૬ મૈત્રી સદન રામવાડીમાં વિસ્તારમાં ૨૨૫ એમ.એમ.ડાયાની આર.સી.સી. ડ્રેનેજ લાઇન નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૮૭ ,૧૬૩.૩૮/- પુરા મંજૂર કરી સને : ૨૦૨૦-૨૧ વાર્ષિક મંજૂર થયેલા ભાવે નામદાર સરકારશ્રીની આવનારી ગ્રાન્ટ માથી સદરહુ કામગીરી કરાવવા અંગેની જરૂરી નિયમોનુસારની આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૫૦

વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ ડ્રેનેજ કમિટીમાં ઠરાવ્યા મુજબ વલસાડ-પારડી શપ્તશુંગી મંદિર આગળની ખુલ્લી જગ્યા થી ગોપી ફળિયા આગળનું ચેમ્બર સુધીની નવી ૪૫૦ ડાયા મીટર (પાર્ટ-૦૧) આર.સી.સી. ડ્રેનેજ લાઇન નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂ.૬,૩૬,૩૨૭.૪૨/- પુરા મંજૂર કરવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. રમેશભાઈ મંગળદાસ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૮૧/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તેમજ ડ્રેનેજ કમિટી ઠરાવ નં-૧૩/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વલસાડ-પારડી શપ્તશુંગી મંદિર આગળની ખુલ્લી જગ્યાથી ગોપી ફળિયા આગળનું ચેમ્બર સુધીની નવી ૪૫૦ ડાયા મીટર (પાર્ટ-૦૧) આર.સી.સી. ડ્રેનેજ લાઇન નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂ.૬,૩૬,૩૨૭.૪૨/- પુરા મંજૂર કરી નામદાર સરકારશ્રીની આવનારી ગ્રાન્ટ માથી સદરહુ કામગીરી કરાવવા અંગેની નિયમોનુસારની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૫૧

વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ ડ્રેનેજ કમિટીમાં ઠરાવ્યા મુજબ વલસાડ-પારડી ગોપી ફળિયા આગળથી તરીયાવાડ પંપીંગ સ્ટેશન સુધી ૪૫૦ ડાયા મીટર (પાર્ટ-૦૨) આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૪૨,૯૧,૯૫૫/- પુરા મંજૂર કરવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. રમેશભાઈ મંગળદાસ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૮૨/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તેમજ ડ્રેનેજ કમિટી ઠરાવ નં-૧૪/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વલસાડ-પારડી ગોપી ફળિયા આગળથી તરીયાવાડ પંપીંગ સ્ટેશન સુધી (પાર્ટ-૦૨) આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૪૨ ,૯૧,૯૫૫/- પુરા મંજૂર નામદાર સરકારશ્રીની આવનારી ગ્રાન્ટ માથી સદરહુ કામગીરી કરાવવા અંગેની નિયમોનુસારની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૫૨

વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ ડ્રેનેજ કમિટીમાં ઠરાવ્યા મુજબ કાશ્મીર નગર , બરૂડીયાવાડ, રાઈસમીલ વલસાડ પારડી ખોડીયાર માતા મંદીર સામેના વિસ્તારમાં ૨૫૦ તેમજ ૪૫૦ ડાયા મીટરની નવી આર.સી.સી. ડ્રેનેજ લાઇન નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૨૦,૪૬,૯૭૩/- પુરા મંજૂર કરવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ
ટે.આ. રમેશભાઈ મંગળદાસ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૮૩/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તેમજ ડ્રેનેજ કમિટી ઠરાવ નં-૧૫/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ કાશ્મીર નગર , બરૂડીયાવાડ , રાઈસમીલ વલસાડ પારડી ખોડીયાર માતા મંદીર સામેના વિસ્તારમાં ૨૫૦ તેમજ ૪૫૦ ડાયા મીટરની આર.સી.સી. ડ્રેનેજ લાઇન નાખવાનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૨૦ ,૪૬,૯૭૩/- પુરા મંજૂર કરી નામદાર સરકારશ્રીની આવનારી ગ્રાન્ટ માથી સદરહુ કામગીરી કરાવવા અંગેની નિયમોનુસારની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૫૩

વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ ડ્રેનેજ કમિટીમાં ઠરાવ્યા મુજબ વોર્ડ નં-૧૧ માં આવેલ ઝરણાપાર્ક દશરથભાઈ પરમારની દુકાનની પાછળવાળી ગલી (પુર્વ ભાગની) વિગેરે જુદા-જુદા વિસ્તારમાં નવી આર.સી.સી.ડ્રેનેજ લાઇન નાખવાનું મંજુર કરવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. રમેશભાઈ મંગળદાસ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૮૪/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તેમજ ડ્રેનેજ કમિટી ઠરાવ નં-૧૬/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ (૧) ઝરણાપાર્ક દશરથભાઈ પરમારની દુકાનની પાછળવાળી ગલીનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૨,૨૧,૮૮૬.૮૦/- (૨) દયાળજીની વાડી સંપતભાઈ નાયકાવાળી ગલીનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧,૨૮,૪૪૦/- (૩) સિકંદરની ચાલની ગલીનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧ ,૨૮,૪૪૦/- (૪) સુધાનગર ,અબ્રામા જાલીભાઈ પોલીસવાળાના ઘર આગળનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૨ ,૭૯,૮૨૦/- (૫) લુહાર ફળિયા , મુકેશભાઈ પટેલની ગલીનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૪૧ ,૯૪૦/- તથા રૂા.૧ ,૦૮,૦૫૬.૮૦/- (૬) રોહિતવાસ હેમંતભાઈ વાઘેલાની ગલીનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧ ,૪૧,૬૯૫.૨૦/- પુરા આર.સી.સી. ડ્રેનેજ લાઇન નાખવાના અંગેના આવેલ એસ્ટીમેઈટો મંજુર કરવા તેમજ મોહનભાઈ પટેલ સાતગાળાવાળો વિસ્તાર પાસે હાલે સાયકલ ટ્રેકનું કામ કાર્યરત છે જે ધ્યાને લેતા ડ્રેનેજ લાઇન નાખવા અંગે પ્રશ્નો ઉપસ્થિત થયે છે જે બાબત ધ્યાને લેતા પ.વ.ડી.શાખા ઈજનેર દ્વારા જરૂરી સ્થળ તપાસ કરાવી પ્રશ્નોવાળી જગ્યા બાબતે ડ્રેનેજ લાઇન નાખવાનું આયોજન કરી સદરહુ વિસ્તારને ડ્રેનેજ લાઇન અંગેની સુવિધા મળે એ બાબતેની કામગીરી નામદાર સરકારશ્રીની આવનારી ગ્રાન્ટ માથી સદરહુ કામગીરી કરાવવા અંગેની નિયમોનુસારની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૫૪

વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ ડ્રેનેજ કમિટીમાં ઠરાવ્યા મુજબ સુદામા સદન , તિથલ રોડ આગળ પાછળના ભાગમાં નવી આવેલ આર.સી.સી.ડ્રેનેજ લાઇન નાખવાનું મંજુર કરવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. રમેશભાઈ મંગળદાસ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૮૫/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તેમજ ડ્રેનેજ કમિટી ઠરાવ નં-૧૭/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વોર્ડ નં-૮ સુદામા સદન તિથલ રોડ આગળ પાછળના ભાગમાં નવી આવેલ આર.સી.સી. ડ્રેનેજ લાઇન નાખવાના આવેલ એસ્ટીમેઈટ રૂ.૨ ,૪૫,૮૨૭.૨૦/- પુરા મંજુર કરી સને : ૨૦૨૦-૨૧ ના વાર્ષિક મંજુર થયેલા ભાવે નામદાર સરકારશ્રીની આવનારી ગ્રાન્ટ માથી સદરહુ કામગીરી કરાવવા અંગેની નિયમોનુસારની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૫૫
વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ ડ્રેનેજ કમિટીમાં ઠરાવ્યા મુજબ વોર્ડ નં-૭ માં આવેલ રતિલાલ જરીવાલા રાખોડીયા તળાવ પાસે નવી આવેલ આર.સી.સી. ડ્રેનેજ લાઈન નાખવાનું મંજુર કરવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ
ટે.આ. રમેશભાઈ મંગળદાસ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૮૬/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તેમજ ડ્રેનેજ કમિટી ઠરાવ નં-૧૮/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વોર્ડ નં-૭ માં આવેલ રતિલાલ જરીવાલા રાખોડીયા તળાવ પાસે નવી આવેલ એસ્ટીમેઈટ રૂા.૬૪ ,૧૧૬/- પુરા મંજુર કરી સને : ૨૦૨૦-૨૧ ના વાર્ષિક મંજુર થયેલા ભાવે નામદાર સરકારશ્રીની આવનારી ગ્રાન્ટ માથી સદરહુ કામગીરી કરાવવા અંગેની નિયમોનુસારની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૫૬

વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ ડ્રેનેજ કમિટીમાં ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાના ડ્રેનેજ શાખામાં ટ્રેકટર જેટીંગ મશીન GJ-15-G-0689 રીપેરીંગ કામ બાબતે કંપની ઓથોરાઇઝ મનીયાર એન્ડ કંપની લીમીટેડ,અમદાવાદ ખાતે જરૂરી રીપેરીંગ કરવા વ્હીકલ મોકલવા બાબતે.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. રમેશભાઈ મંગળદાસ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૮૭/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તેમજ ડ્રેનેજ કમિટી ઠરાવ નં-૧૯/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાના ડ્રેનેજ શાખામાં મે.નામદાર સરકારશ્રી દ્વારા જેટીંગ મશીન GJ-15-G-0689 (ટ્રેકટર વ્હીકલ) વર્ષો જૂનું હોય તથા વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં ડ્રેનેજ અંગેની આવતી ફરીયાદોનો નિકાલ કરવામાં સદરહુ વ્હીકલનો ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ સદરહુ વ્હીકલમાં રીપેરીંગ / સર્વિસીગ ટીનવર્ક, હાઇડ્રોલીક પ્રેસર સીસ્ટમ, હાઇડ્રોલીક ગીયર,વિગેરે કામગીરી કરવાની જરૂરીયાત સંદર્ભે કંપની ઓથો ડીલર મનીયાર એન્ડ કંપની ,અમદાવાદ ખાતે સદરહુ વ્હીકલને તેમના અમદાવાદ ખાતેના વર્કશોપ પર મોકલાવી ઉપરોક્ત જરૂરીયાત મુજબની કામગીરી તાત્કાલીન કરવા તથા સદરહુ કામગીરી કરાવવા માટે આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૫૭

વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ ડ્રેનેજ કમિટીમાં ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાના ડ્રેનેજ શાખામાં જેટીંગ મશીન GJ-15-G-1183 ના ટાયર બદલવાની જરૂરીયાત હોય, નવા ટાયર ખરીદ કરવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. રમેશભાઈ મંગળદાસ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૮૮/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તેમજ ડ્રેનેજ કમિટી ઠરાવ નં-૨૦/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાના ડ્રેનેજ શાખામાં જેટીંગ મશીન GJ-15-G-1183 ના ટાયર ઘસાય જવાથી બદલવાની જરૂરીયાત સંદર્ભે સ્થાનિક બજાર માથી ત્રણ ભાવ મંગાવતા વલસાડ ટાયર્સ,વલસાડના ભાવ સૌથી ઓછા અને વ્યાજબી હોય , જે સદરહુ એજન્સી વલસાડ ટાયર્સ.વલસાડના ભાવો મંજુર કરી, ટાયર્સ ખરીદ કરવા અંગેની નિયમોનુસારની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૫૮

વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ ડ્રેનેજ કમિટીમાં ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાના ડ્રેનેજ શાખામાં મનીયાર એન્ડ કંપની,અમદાવાદનું જેટીંગ મશીન તથા ગ્રબ બોકેટ સીસ્ટમ મશીન નવું ખરીદ કરવાનું આવેલ કોટેશન મુજબ જરૂરી મશીનરી ખરીદ કરવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. રમેશભાઈ મંગળદાસ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૮૯/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તેમજ ડ્રેનેજ કમિટી ઠરાવ નં-૨૧/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ ડ્રેનેજ શાખામાં જેટીંગ મશીન (ટેમ્પો) તથા ટ્રેકટર જેટીંગ મશીન ફાળવવામાં આવેલ છે. વલસાડ શહેર હદ વિસ્તારમાં અબ્રામા/મોગરાવાડી ગ્રામ પંચાયત તેમજ આઈસોલેટેડ વિસ્તારનો સમાવેશ થયેલ હોવાથી શહેરમાં રહેણાંક ઘરો / યુનિટ / એપાર્ટમેન્ટ/રોહાઉસ/સોસાયટી તેમજ વાણિજ્ય એકમનો વધારો થવાથી શહેરમાં ડ્રેનેજને લગતી ફરીયાદ વધુ આવે છે તથા સદરહુ આવેલ ફરીયાદનો સમયસર યોગ્ય નિકાલ થઈ એવા શુભ આશયથી ડ્રેનેજ શાખામાં જેટીંગ મશીન નંગ-૧ તથા ગ્રબ બોકેટ સીસ્ટમ મશીન નંગ-૧ નવું ખરીદ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે જે ધ્યાને લેતા ઉપરોક્ત સદરહુ વ્હીકલના ઓથો ડીલર વિક્રેતા મનીયાર એન્ડ કંપની,અમદાવાદ પાસેથી બંને વ્હીકલનું ભાવપત્રક મંગાવવામાં આવેલ, જે નીચે મુજબ છે.

(૧) જેટીંગ મશીન ૬૦૦૦ એચ હાઈપ્રેસર નંગ-૧ આવેલ કોટેશન રૂ.૪૦,૦૦,૦૦૦/-

(૨) ગ્રબ બોકેટ સીસ્ટમ મશીન નંગ-૧ આવેલ કોટેશન રૂ.૯,૭૫,૦૦૦/-

જેમાં નગરપાલિકા જે રીતે સુચવે એવી ફેસીલીટીનું એડવાન્સ મશીન તૈયાર કરી કોટેશનમાં વધ-ઘટ રકમ ડીફરન્સનું ભાવપત્રક મંજુર કરવા અંગેના આવેલ કામે કમીટીમાં ચર્ચા વિચારણાને અંતે સદરહુ ઉપરોક્ત મશીનરી સરકારશ્રીના ઓનલાઈન GEM પોર્ટલ માંથી ખરીદ કરી તે અંગેનો થનાર ખર્ચ નામદાર સરકારશ્રીની ગ્રાન્ટ માથી મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૫૯

વિષય : તા.૨૬-૦૨-૨૦૨૧ ના રોજ મળેલ ડ્રેનેજ કમિટીમાં ઠરાવ્યા મુજબ શ્રી મહાત્મા ગાંધી લાયબ્રેરી તેમજ શ્રી મહાત્મા ગાંધી માર્કેટ વચ્ચે નવી ડ્રેનેજ લાઇન બનાવવા અંગેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧ ,૯૫,૬૦૦/- પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. રમેશભાઈ મંગળદાસ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૯૦/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તેમજ ડ્રેનેજ કમિટી ઠરાવ નં-૨૨/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા સંચાલિત શ્રી મહાત્મા ગાંધી લાયબ્રેરી તેમજ હોલ બનાવવાની કામગીરી હાલે પ્રગતિ હેઠળ છે. સદરહુ લાયબ્રેરી તેમજ શ્રી મહાત્મા ગાંધી માર્કેટ (ચોરગલી) વચ્ચે આવેલ ડ્રેનેજ લાઇન બિસ્માર હાલતમાં હોવાના કારણે લાયબ્રેરી બાંધકામના કામમાં અડચણરૂપ હોય જેથી નવી ડ્રેનેજ લાઇન નાખવા અંગેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૧ ,૯૫,૬૦૦/- પુરા મંજુર કરી સને : ૨૦૨૦-૨૧ વાર્ષિક મંજુર થયેલા ભાવે નામદાર સરકારશ્રીની ગ્રાન્ટ માથી સદરહુ કામગીરી કરાવવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૬૦

વિષય : પસંદગી સમિતિની રચના કરવા અંગેનું આવેલ કામ બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. દેસાઇ ઉર્મિબેન આશિષકુમાર

ઠરાવ :- કા.સ.ઠ.નં-૪૦૨/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ અગ્નિશમન સેવાના અધિકારીઓ/કર્મચારીઓની સીધી ભરતી / બઢતી માટેની પસંદગી અર્થે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક : ઈએસટી/૧૨૧૨/સી.ફા.-૩૦/આર , તા.૦૪-૦૯-૨૦૨૧ તથા કમિશ્નરશ્રી , મ્યુનિસિપાલીટીઝ એડમીનીસ્ટ્રેશન ,ગાંધીનગરના પરીપત્ર ક્રમાંક : કમિ.મ્યુનિ.એડ/ મકમ-ફા.નં-૧૫૦૮/ન.પા.ભરતી સમિતિ/વશી/૩૪૭૨/૨૦૧૮/તા.૨૮-૧૧-૨૦૧૮ થી થયેલ જોગવાઈઓ અનુસંધાનને નીચે મુજબની પસંદગી સમિતિની રચના કરવામાં આવેલ છે. જેને મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | હોદ્દો | પસંદગી સમિતિના હોદ્દો |
|---|---|---|
| ૧ | નગરપાલિકા દ્વારા નિયુક્ત પસંદગી સમિતિના અધ્યક્ષ (સામાન્ય સભાથી મંજુરીને આધીન) | અધ્યક્ષ<br>પ્રમુખશ્રી, વલસાડ નગરપાલિકા |
| ૨ | નગરપાલિકાના પ્રમુખશ્રી અથવા તેઓશ્રી નિયુક્ત સદસ્યશ્રી | સભ્ય<br>એસ્ટાબ્લીશમેન્ટ કમીટીના ચરમેનશ્રી , વલસાડ નગરપાલિકા |
| ૩ | નગરપાલિકાની કારોબારી સમિતિના અધ્યક્ષશ્રી | સભ્ય<br>કારોબારી ચેરમેનશ્રી |
| ૪ | પ્રાદેશિક કમિશ્નર કચેરીના પ્રતિનિધિ તરીકે પ્રાદેશિક કમિશ્નર દ્વારા નિયુક્ત અધિકારી | સભ્યશ્રી |
| ૫ | અગ્નિશમન સેવાના તજજ્ઞ તરીકે સબંધિત પ્રાદેશિક અગ્નિશમન અધિકારી | આમંત્રિત સભ્ય |
| ૬ | ચીફ ઓફિસરશ્રી, વલસાડ નગરપાલિકા | સભ્ય સચિવ |

સ.મ.મંજુર.

જ.બો.ઠ.નં. – ૯૮૬/તા.૧૫-૦૩-૨૦૨૧.

કામ નં-૬૧

વિષય : તા.૦૪-૦૩-૨૦૨૧ ની કારોબારી સમિતિમાં ઠરાવ્યા મુજબ સને : ૨૦૧૮-૧૯ ના વર્ષનું ઓડીટ અહેવાલ સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,વલસાડ તરફથી આવેલ જે વંચાણે લેવા જરૂરી નિર્ણય કરવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. દેસાઇ ઉર્મિબેન આશિષકુમાર

ઠરાવ :- વલસાડ નગરપાલિકાનું સને : ૨૦૧૮-૧૯ ના વર્ષનું ઓડીટ અહેવાલ સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી,વલસાડ દ્વારા કરવામાં આવેલ છે. જેનો સને : ૨૦૧૮-૧૯ ના વર્ષનો ઓડીટ અહેવાલ સ્થાનિક ભંડોળ હિસાબ કચેરી,વલસાડના આવક નં-૨૫૬૯/તા.૩૦-૧૨-૨૦૨૦ ના રોજ વલસાડ નગરપાલિકા કચેરીએ મોકલવામાં આવેલ છે. જે આવેલ અહેવાલ વંચાણે લેવામાં આવેલ છે. જે મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૬૨

વિષય : તા.૦૪-૦૩-૨૦૨૧ ની કારોબારી સમિતિમાં ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં મોગરાવાડી ખાતે જયરામ તળાવ (મોટા તળાવ) માં વરસાદી સીઝન દરમ્યાન તેમજ ભવિષ્યમાં તળાવમાં પાણીનો ભરાવો થવાથી તળાવનું પાણી બહાર ન આવે તેવા શુભ આશયથી સદરહુ તળાવની ફરતે માટી પુરાણના કામનો ખર્ચ રૂ.૩,૩૦,૧૦૦/- પુરાનું મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. વર્ષાબેન એ. પાનવાલા

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૯૩/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ નામદાર સરકારશ્રીની વર્ષ : ૨૦૧૮-૧૯ ના વર્ષની ૧૪ માં નાણાપંચની યોજના (પ્રથમ તેમજ બીજા હપ્તો) વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં મોગરાવાડી ખાતે જયરામ તળાવ (મોટા તળાવ) ડેવલપમેન્ટ કરવાનું કામ ટેન્ડરરશ્રી રાજપુત કન્સ્ટ્રકશન , સુરેન્દ્રનગરનું મંજુર કરવામાં આવેલ , સદરહુ તળાવ ડેવલપમેન્ટના કામે વલસાડ નગરપાલિકાના વરસાદી સીઝન દરમ્યાન તેમજ ભવિષ્યમાં તળાવમાં પાણીનો ભરાવો થવાથી તળાવનું પાણી બહાર ન આવે તેવા શુભ આશયથી સદરહુ તળાવની ફરતે માટી પુરાણ કરી ઉંચાઇ થવાથી વધુ પાણીનો સંગ્રહ થાય એમ છે. તો સદરહુ તળાવની ફરતે માટી પુરાણના કામે કન્સલટન્ટશ્રી દ્વારા સ્થળ તપાસ કરતાં સદરહુ કામનો આવેલ ખર્ચ રૂ.૩ ,૩૦,૧૦૦/- પુરાનો મંજુર કરી, સદરહુ કામગીરી કરાવવા માટે આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે

સ.મ.મંજુર.

કામ નં-૬૩

વિષય : તા.૦૪-૦૩-૨૦૨૧ ની કારોબારી સમિતિમાં ઠરાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા હદમાં ધરમપુર રોડને અડીને તેમજ આર.પી.એફ. ગ્રાઉન્ડને લાગુ આવેલ જાહેર માર્ગનું "પરાગજી દુર્લભભાઈ વશી માર્ગ" નામકરણ કરવા બાબતની આવેલ અરજી અંગે જરૂરી નિર્ણય થવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. નિતેશભાઈ એમ. વશી

ઠરાવ :- કા.સ.ઠ.નં-૩૯૭/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ અરજદારશ્રી પુરંજય પ્રકાશભાઈ વશી,વિગેરે, વશી ફળિયા , હાલર ,વલસાડની તા.૦૨-૦૨-૨૦૨૦ ની અરજીમાં જણાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા હદમાં ધરમપુર રોડને અડીને તેમજ આર.પી.એફ. ગ્રાઉન્ડને લાગુ આવેલ જાહેરમાર્ગ નનકવાડા ગ્રામ પંચાયતના હદ વિસ્તારના જાહેર માર્ગને મળી વાંકી ખાડી થઈ સેગવી , અટાર, મગોદ, ભગોદ, હરીયા,તિથલ,વિગેરે ગામ તરફ મળે છે. અને સદરહુ માર્ગ લશ્કરી માર્ગ તરીકે ઓળખાય છે. અને સદરહુ માર્ગની અમુક જમીનોના મુળ અરજદારશ્રીના વડીલો પરાગજી દુર્લભભાઈ વશીના નામે ચાલી આવેલ હતી. અને જે તે સમયે તેઓ દ્વારા સરકારશ્રીને નજીવી કિંમતે સંપાદન કરવામાં આવેલ. તો સદરહુ બાબતે સદરહુ માર્ગનું "પરાગજી દુર્લભભાઈ વશી માર્ગ" ના નામે નામકરણ કરવા જણાવેલ છે.

ઉપરોક્ત અરજદારશ્રીની અરજીમાં જણાવેલ હકીકતોથી વિદિત થતાં , સદરહુ જણાવેલ જાહેર માર્ગને "પરાગજી દુર્લભભાઈ વશી માર્ગ" તરીકે નામકરણ કરવા અંગેની જરૂરી નિયમોનુસારની કાર્યવાહી ઈજનેરશ્રી , પ.વ.ડી.શાખા મારફતે કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં-૬૪

વિષય : તા.૦૪-૦૩-૨૦૨૧ ની કારોબારી સમિતિમાં ઠરાવ્યા મુજબ ખાનગી સોસાયટી ડ્રેનેજને લગતી ફરીયાદ અને નગરપાલિકા હદ વિસ્તારની તમામ વિસ્તારમાં ડ્રેનેજવેરો નાખવા, ડ્રેનેજવેરો વધારવા અંગે નિર્ણય થવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. રમેશ મંગળદાસ પટેલ

ઠરાવ :- કા.સ.ઠ.નં-૪૦૧/તા.૦૪-૦૩-૨૦૨૧ ની ભલામણ મુજબ તથા ડ્રેનેજ કમિટી ઠરાવ નં-૨૨/તા.૨૬-૦૨-૨૦૨૧ ની ભલામણ મુજબ આ કામ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવતા ડ્રેનેજ ઇજનેરશ્રી તથા ચીફ ઓફિસરશ્રીની રીમાર્કસ ધ્યાને લેતા જરૂરી ચર્ચા વિચારણા કરતાં સભ્યશ્રી ઉજેશભાઈ પટેલ એ જણાવ્યુ કે ખાનગી સોસાયટી/એપાર્ટમેન્ટમાં સોસાયટીમાં રહેણાક માલિકો પાસે થી દર મહિને /વાર્ષિક મેન્ટનન્સ ઉઘરાવમાં આવે છે જેમાં સોસાયટી ને એપાર્ટમેન્ટ લગતા મેન્ટનન્સ કામગીરી કરવામાં આવે છે સોસાયટી/એપાર્ટમેન્ટમાં ગ્રાઉન્ડ બેઝ ઉપર આંતરિક ચેમ્બરો માથી નગરપાલિકા કનેક્શન માટે એક લાઈન કરી ડ્રેનેજ જોડાણ આપવામાં આવે છે આમ સોસાયટી/એપાર્ટમેન્ટમાં આંતરિક ચેમ્બર પાઈપ લાઈન તથા લેવલ મેનટેન ના ઉપસ્થિત પ્રશ્નો અંગે પ્રાઈવેટ સોસાયટી/એપાર્ટમેન્ટમાં ડ્રેનેજ ઉભરવા અંગે ની ફરિયાદ અત્રેની કચેરી આવે છે તથા ઉપરોક્ત ખાનગી માલિકી ની તમામ મિલકતોમાં ડ્રેનેજ બાબતે નગરપાલિકાની કોઈ જવાબદારી રેહતી નથી નગરપાલિકાની જવાબદારી ફક્ત નગરપાલિકા એ નાખેલ ડ્રેનેજ લાઈનની રહે છે.

ચેરમેનશ્રી રમેશભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું કે હાલે ન.પા હદ વિસ્તારમાં ડ્રેનેજ કનેક્શન કેટલા તથા રહેણાક/બિન-રહેણાક કનેક્શનની યાદી હાઉસ-ટેક્સ ડિપાર્ટમેન્ટમાંથી ડ્રેનેજ કનેક્શન અંગેનું યોગ્ય ચિતાર રજૂ કરવા જણાવ્યુ

સભ્યશ્રી મહેબૂબગુલશેરખાન પઠાણે જણાવ્યુ કે અબ્રામા/મોગરવાડી ઝોન વિસ્તારમાં ડ્રેનેજ જોડાણ અંગે ની કામગીરી કાર્યરત છે અને હાલે પૂર્ણ થવાને આરે છે તો અબ્રામા/મોગરવાડી ઝોન વિસ્તારની તમામ મિલકતો ઉપર ડ્રેનેજ વેરો નાખવામાં આવે તો નગરપાલિકા ને આર્થિક નાણાંકીય ફાયદો થાય એમ છે.

સભ્યશ્રી ઉજેશભાઈ પટેલ એ જણાવ્યુ કે હાલે અબ્રામા/મોગરવાડી ઝોન વિસ્તારમાં ડ્રેનેજ અંગેનો વેરો નગરપાલિકા દફતરે આવતો નથી અને આપણે તેમની ડ્રેનેજ લક્ષી ફરિયાદોનો નિકાલ કરવો પડે છે જે કેટલે અંશે વ્યાજબી છે.? તથા હદ બહાર કનેક્શન નગરપાલિકા દફતરે કેટલું નોંધાયેલું છે.?

ચેરમેનશ્રી રમેશભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું કે હાઉસ-ટેક્સ ડિપાર્ટમેન્ટમાંથી ડ્રેનેજ કનેક્શન બાબતે હદ બહાર વિસ્તારની જરૂરી માહિતી મેળવવા જણાવ્યુ

સભ્યશ્રી ઉજેશભાઈ પટેલ એ જણાવ્યુ કે આપણી સમિતિમાં દ્વારા જે સમીક્ષા થઇ જે ધ્યાને લઈ ન.પા હદ વિસ્તારની તમામ મિલકતોમાં ડ્રેનેજ વેરો નાખવો જોઈએ સને-૨૦૨૦/૨૧ ના વર્ષના વોર્ડ-વાર ડ્રેનેજ કનેક્શન પત્રકમાં જોતાં રહેણાક ૧૪૪૮૩ બિન-રહેણાક-૧૧૩૮ કુલ-૧૫૬૨૧+૭૧૬ (હદ બહાર) ડ્રેનેજ કનેક્શન માલૂમ પડેલ છે અંદાજે ૬૦૦૦૦ જેટલી રહેણાક તેમજ વાણિજ્ય એકમોમાં ડ્રેનેજ વેરો વસૂલ કરવામાં આવતો નથી જેથી નગરપાલિકા હદ વિસ્તારની તમામ રહેણાક વાણિજ્ય એકમોમાં સ્થળ તપાસ કરાવી ડ્રેનેજ વેરો વસૂલ કરવો જોઈએ વધુમાં ઉજેશભાઈ જણાવ્યુ કે હાઉસ ટેક્સ દફતરે ડ્રેનેજ વેરો વધારવા સૂચન કર્યું ,

૧) રહેણાક/એપાર્ટ વિગેરે ૪૦૧+૫૦ નો વધારો

૨) હોટલ/હોસ્પિટલ/દુકાન/મેરેજ-હોલ/વિગેરે વાણિજ્ય એકમો ૨૨૦૦+૫૦૦ નો વધારો

૩) કંપની/ઓધ્યોગિક એકમ ૬૦૦૦+૩૦૦૦ નો વધારો

૪) ક્રોમોશીયલ ઓફિસ ૧૩૨૦+૧૦૦ નો વધારો

ઉપરોક્ત હકીકતોથી વિદિત થતાં ચર્ચા વિચારણાના અંતે સદરહુ પ્રશ્નો ધ્યાને લઈ નગરપાલિકા હદ વિસ્તારની તમામ મિલકતોમાં ડ્રેનેજવેરો નાખવા તેમજ ઉપરોક્ત જણાવ્યા મુજબનો ડ્રેનેજવેરો ઉપરોક્ત જણાવેલ વિગતો મુજબ વધારવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૬૫

વિષય : સભ્યશ્રી યશેષ જે. માલીની તા.૨૯-૦૧-૨૦૨૧ ના રોજ આવેલ અરજી મુજબ સમિતિઓમાંથી આપેલ રાજીનામું અંગે જરૂરી નિર્ણય થવાં બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. ઉર્મિબેન આશિષકુમાર દેસાઇ

ઠરાવ :

વલસાડ નગરપાલિકાના સભ્યશ્રી યશેષભાઈ જે. માલીની વલસાડ નગરપાલિકા આવક નં. – ૪૮૩૩ તા.૨૯-૦૧-૨૦૨૧ થી અરજી આવેલ છે. જેમાં તેઓશ્રીની અરજીમાં જણાવ્યા મુજબ શિક્ષણ સમિતિમાં સભ્ય તરીકે નિમાણુંક થયેલ હતી. શ્રી યશેષભાઈ માલી દ્વારા એવું જણાવેલ છે કે શિક્ષણ સમિતિમાંથી મારું હું રાજીનામું આપું છું. સભ્યશ્રી યશેષભાઈ જે. માલીનું આવેલ રાજીનામું તા.૧૫-૦૩-૨૦૨૧ ની મળેલ આજ ની સામાન્ય સભામાં મંજૂર કરવામાં આવે છે. અને તેમની જગ્યાએ ચર્ચા-વિચારણા કરી સભ્યશ્રી જેસ્ટીકા દર્શન પટેલની સર્વાનુમતે શિક્ષક સમિતિના સભ્ય તરીકે નિમાણુંક કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૬૬

વિષય : એડવોકેટ શ્રી મુકેશભાઇ જે. પાંચાલની એડવોકેટની નોટીશ ફી નક્કી થવા બાબત.

દ.મુ. છાયાબેન પટેલ

ટે.આ. ઉર્મિબેન આશિષકુમાર દેસાઇ

ઠરાવ :

વલસાડ નગરપાલિકાના ભાડા વસૂલાત શાખા મારફતે વલસાડ નગરપાલિકાની માલિકીના શોપીંગ સેન્ટરો અને માર્કેટની સ્ટોલ-દુકાનો પ્રિમાઈસીસ મૂળ કબજેદારોએ પેટા ભાડુંઆત તરીકે આપેલ હોય જેઓ પાસેથી કબજો પરત મેળવવા માટે કુલ્લે ૬૧ જેટલી નોટીશો વલસાડ નગરપાલિકાના પેનલના એડવોકેટ શ્રી મુકેશભાઈ જે. પાંચાલ દ્વારા લીગલ નોટીશ મૂળ કબજેદાર અને પેટા ભાડુંઆત રજીસ્ટર એ.ડી. થી બજાવવામાં આવેલ જેઓ એક (૧) નોટીશ દીઠ રૂા.૭૦૦૦/- ફી અને રૂા.૫૦૦/- સ્ટેશનરી ચાર્જ એટલે એક નોટીશ દીઠ રૂા.૭ ,૫૦૦/- પ્રમાણે એડવોકેટશ્રી મુકેશભાઇ જે પાંચાલનું રૂા.૪ ,૫૭,૫૦૦/- પુરાનું બિલ આવેલ છે. જે બાબતે જરૂરી ચર્ચા વિચારણાને અંતે નક્કી કરવામાં આવ્યું કે (૧) મે. પ્રમુખશ્રી (૨) કાયદા કમીટી ચેરમેનશ્રી (૩) ચીફ ઓફિસરશ્રી વલસાડ નગરપાલિકાને એડવોકેટશ્રી સાથે બિલ બાબતે રૂબરૂ ચર્ચા કરી નેગોશીએશન કરવાનું અને નેગોશીએશન થયા બાદ બિલની જે રકમ નક્કી થાય તે મુજબ બિલનું ચુકવણું કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કામ નં. – ૬૬(૧) અધ્યક્ષ સ્થાનેથી રજુ...

વિષય : સભ્યશ્રી ગીરીશભાઈ બી. દેસાઈની તા.૦૫-૦૨-૨૦૨૧ ના રોજ ૫૧(૩) હેઠળની દરખાસ્ત બાબત.

દ.મુ. ગીરીશભાઈ દેસાઈ

ટે.આ. સંજય ચૌહાણ

ઠરાવ :

વલસાડ નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૫૧(૩) હેઠળ સભ્યશ્રી ગીરીશભાઈ બી. દેસાઈની આવેલ અરજીમાં જણાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાના એકાઉન્ટસ ઓફિસર મનીષાબેન શાહુ ની સભ્યો તથા કર્મચારીઓ સાથે અણછાજનું વર્તણુંક તથા બિન જવાબદાર વર્તણુંક અંગે અસંતોષ કામગીરીને લઈ વિકાસના કામોના બિલો તથા કર્મચારીઓના પગાર બિલો બાબતે કર્મચારી તથા સભ્યશ્રીઓ દ્રારા વારંવાર રજુઆત કરવા છતાં નાના નાના બિલો ન ચૂકવતા જેવી બાબતોમાં વિવાદ ઉપસ્થિત થયેલ છે. સદર કર્મચારી રાજય સરકારના કોમન કેડરના હોય, તેમજ સદર બાબત સર્વિસ મેટરને લગતી હોવાથી સક્ષમ કક્ષાએથી યોગ્ય કાર્યવાહી કરવાની થાય છે. સદર બાબતોએ ચર્ચા વિચારણા કરી તેઓશ્રીના વર્તુણકમાં સુધારો આવે તેવી સુચના તેઓશ્રીને આપવાનું ઠરાવવામાં આવ્યું.

સ.મ.મંજુર.

કામ નં. – ૬૭

વિષય : અધ્યક્ષ સ્થાનેથી રજૂ થતાં બીજા અન્ય વધારાના કામો.

અધ્યક્ષ સ્થાનેથી કોઈ કામ રજૂ થયેલ નથી.

સભાનું કામકાજ પુર્ણ થતાં પ્રમુખશ્રીએ સૌનો આભાર વ્યક્ત કરી જણાવ્યુ કે , હવે સભાનું કામકાજ પુર્ણ થાય છે, આપણે સૌ "જન ગણ મન" રાષ્ટ્રગીત થી સભાનું કામકાજ પુર્ણ કરીએ.....

"જન ગણ મન" રાષ્ટ્રગીત થી સભા પુર્ણ થઈ...

નગરપાલિકા કચેરી<br>વલસાડ.<br>તા.૦૬-૦૪-૨૦૨૧.

(કિન્નરીબેન અમિષભાઈ પટેલ)<br>પ્રમુખ<br>વલસાડ નગરપાલિકા